ISBN-978-81-977089-8-5
First Edition

Mr. Harsukh H. Parmar is an Associate Professor in Maniben M. P. Shah Mahila Arts College Kadi since 1992. He completed his Master Degree with Gujarati Subject in 1991 from Saurashtra University Rajkot Bhasha Bhavan. He also qualified in NET exam in the year 1991. Presently. He is the Senior most Associate Professor in the college having 32 years of teaching experience at Graduation level and 9 years of experience at Post Graduation level. He has interest in Literature, Criticism and Research topics related to literature. He has been working as NSS Programme Officer since 5 years. He has participated in more than 20 National and International level Seminars, Workshops and Conferences and published papers on different levels. He also attended 15 state level seminar.

Dr. Varsha C. Brahmbhatt is the Associate Professor of the Maniben M. P. Shah Mahila Arts College, Kadi Since 1993. She has done her Graduation in Gujarati from St. Xavier's College, Gujarat University, Ahmedabad. Further there after she has completed her Master's Degree in Gujarati from School of Languages, Gujarat University, Ahmedabad. She has been Awarded Ph.D. Degree in Gujarati by Gujarat University, Ahmedabad.

She has Actively Involved in her Teaching Profession. She has having 30 years of experience at graduation level and 15 years of experience at post graduation level. She has depth knowledge in Literature. she has interest in reading, writing, music and travelling. She is also involve with cultural activities at college. She has Published many Research Paper / Articles in Reputed Educational Journals. She is working as a NAAC and IQAC Coordinator in the College.

Publisher
Maniben M. P. Shah Mahila Arts College,
Opp. N.C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist. : Mehsana
Gujarat, India
Ph. : (02764) 242072
Email : hina639@gmail.com

ISBN: 978-81-977089-8-5
9 788197 708985

Classical Novels of Gujarati Literature

Author
Mr. Harsukh H. Parmar
Dr. Varsha C. Brahmbhatt

ISBN-978-81-977089-8-5
First Edition

Classical Novels of Gujarati Literature

Mr. Harsukh H. Parmar

Dr. Varsha C. Brahmbhatt

“Classical Novels in Gujarati Literature”

Maniben M. P. Shah Mahila Arts College

Publisher

ISBN-978-81-977089-8-5
First Edition

Published by:

MANIBEN M. P. SHAH MAHILA ARTS COLLEGE,

Opp. N. C. Desai Petrol Pump,

Kadi - 382715, Dist - Mehsana,

Gujarat, India

Ph.: (02764) 242072

E-Mail: hina639@gmail.com

Published - 2024

© Reserved

ISBN: 978-81-977089-8-5

All rights reserved. No part of this book may be reproduced in any form or by any mean without permission in writing from the publisher.

Published at: Kadi

ISBN-978-81-977089-8-5
First Edition

પ્રસ્તાવના

પ્રશિષ્ટ કૃતિ એટલે અતિતની કૃતિ જ નહિ, પરંતુ આજની આવતીકાલની પણ કૃતિ. પ્રશિષ્ટ કૃતિ એટલે પ્રાચીન કૃતિ નહિ પણ નિત્યનૂતન કૃતિ, ચિરંતન કૃતિ. સનાતન કૃતિ એથીસ્તો કોઈ માર્મિક વિવેચકે કહ્યું છે કે 'જગતની સૌ પ્રશિષ્ટ કૃતિઓ આજ સવારથી જ રચવામાં આવી છે.'

પ્રશિષ્ટ નવલકથા પોતાના સમયની જટિલતાઓને (This Four Books are Famous & Classical Creation by its Author) પ્રતિબિંબ કરે છે. પ્રશિષ્ટ સાહિત્ય સાહિત્યિક ઇતિહાસના સમૃદ્ધ ચિત્રોમાં આપણને ડોકિયું કરાવે છે. નવલકથા નોંધપાત્ર ઐતિહાસિક અને સામાજિક પરિવર્તનનાં સમયગાળામાંથી ઊભરી આવે છે. તે માત્ર મનમોહક કથા તરીકે જ નહિ, પરંતુ તેના સમયની જટિલ ગતિશીલતાને પ્રતિબિંબિત કરે છે.

પ્રસ્તુત પુસ્તકમાં 'સરસ્વતીચંદ્ર', 'માનવીની ભવાઇ', 'પૃથિવીવલ્લભ' અને 'ઝેર તો પીધાં છે જાણી જાણી' જેવી નવલકથાઓ તેની ઐતિહાસિક અને સામાજિક સુસંગતતાને પ્રગટ કરે છે. આ ચારેય કૃતિ તેમના સમયના પ્રસિદ્ધ નવલકારોનું ઉત્કૃષ્ટ સર્જન છે.

હરસુખ એચ. પરમાર,
ડૉ. વર્ષા સી. બ્રહ્મભટ્ટ

ISBN-978-81-977089-8-5
First Edition

CONTENTS

Sr. No.	Title & Author	Page No.
1	પ્રકરણ-૧ પ્રશિષ્ટ કૃતિ	1
2	પ્રકરણ-૨ પન્નાલાલપટેલ માનવીની ભવાઈ	8
3	પ્રકરણ-૩ મનુભાઈ પંચોલી (ઉપનામ: દર્શક) -'ઝેર તો પીધાં છે જાણી જાણી'	16
4	પ્રકરણ-૪ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી -‘સરસ્વતીચંદ્ર’	24
5	પ્રકરણ-૫ કનૈયાલાલ મુનશી –પૃથિવીવલ્લભ	33

ISBN-978-81-977089-8-5
First Edition

Classical Novels of Gujarati Literature

ગુજરાતી સાહિત્યની પ્રશિષ્ટ નવલકથાઓ

--લેખકો--

૧) ડૉ. વર્ષાબેન ચંદુલાલ બ્રહ્મભટ્ટ
(એસોસિયેટ પ્રોફેસર- ગુજરાતી)

૨) પ્રા. હરસુખભાઈ હમીરભાઈ પરમાર
(એસોસિયેટ પ્રોફેસર- ગુજરાતી)

---સહલેખકો---

*પ્રા. ધર્મેન્દ્ર કે.ચૌધરી
(એસોસિયેટ પ્રોફેસર-મનોવિજ્ઞાન)

*ડૉ. રતનબેન પી.સોલંકી
(એસોસિયેટ પ્રોફેસર-મનોવિજ્ઞાન)

*ડૉ. જૈમિનીબેન સી.સોલંકી
(એસોસિયેટ પ્રોફેસર-અર્થશાસ્ત્ર)

*ડૉ. અપેક્ષાબેન એન.પંડયા
(ફૂલટાઇમ ફેકલ્ટી-સમાજશાસ્ત્ર)

* પ્રા. સનોબર ઝેડ. શેખ
(ફૂલટાઇમ ફેકલ્ટી-અંગ્રેજી)

* પ્રા. ભારતીબેન આર. પ્રજાપતિ
(ફૂલટાઇમ ફેકલ્ટી- અર્થશાસ્ત્ર)

* ડૉ. જલ્પાબેન વી. પ્રજાપતિ
(ફૂલટાઇમ ફેકલ્ટી- અર્થશાસ્ત્ર)

* પ્રા. જિતેન્દ્ર ડી. વિહોલ
(ફૂલટાઇમ ફેકલ્ટી- ઈતિહાસ)

*પ્રા. માનસી પી. પટેલ
(ફૂલટાઇમ ફેકલ્ટી-ગુજરાતી)

*પ્રા. નરમીન એસ. પટેલ
(ફૂલટાઇમ ફેકલ્ટી-ઇતિહસ)

ISBN-978-81-977089-8-5
First Edition

પ્રકરણ-૧ પ્રશિષ્ટ કૃતિ

સંસ્કૃત ભાષામાં વેદ, પુરાણ, કાવ્ય, નાટક, કથા, શાસ્ત્ર આદિમાં પ્રશિષ્ટ શબ્દનો ધાતુ છે 'શાસ્' અને એનો અર્થ છે:

શિક્ષિત, શાસિત, શાલીન, સંસ્કૃત સંસ્કારી, પ્રસિદ્ધ, સંયમિત, નિયમિત, નિયંત્રિત, શિસ્તબદ્ધ. આ અર્થો દ્વારા જે ગુણો અને મૂલ્યો સૂચવાય છે તે પ્રશિષ્ટ કૃતિ અંગેના સૌ ઉત્તરોમાં પણ સૂચવાય છે આમ પ્રશિષ્ટ કૃતિનો વિચાર ગુજરાતી વિવેચનમાં આગંતુક છે 19 મી સદીના અંત ભાગમાં યુરોપમાંથી આયાત થયો છે.1892માં વશિષ્ઠ કૃતિ શબ્દનો પ્રયોગ થયો છે સાહિત્ય ઉપરાંત અન્ય કળાઓ -ચિત્ર, સંગીત, શિલ્પ, સ્થાપત્ય, નૃત્ય આદિ-અંગે પણ પ્રશિષ્ટ કૃતિનો શબ્દપ્રયોગ થાય છે.

ઈ.સ 16 મી સદીમાં પ્રશિષ્ટ કૃતિ એટલે સર્વોત્તમ, સર્વશ્રેષ્ઠ કૃતિ, આદર્શ, અનુકરણની કૃતિ એવો અર્થ થાય છે અને માત્ર સાહિત્ય કૃતિને અનુલક્ષીને નહિ પણ એ જ અર્થમાં કર્તા અને સાહિત્યના ઇતિહાસમાં વિશિષ્ટ વિકાસ કે સર્વોચ્ચ સિદ્ધિના યુગ ને અનુલક્ષીને પણ 'પ્રશિષ્ટ' કૃતિનો ઉપયોગ થાય છે ત્યારથી સાહિત્યના ઇતિહાસમાં કોઈ એક યુગમાં સાહિત્યની સૌ કૃતિમાં કોઈ નિશ્ચિત સાહિત્યિક સ્વરૂપ અથવા સ્વરૂપો છે માટે નથી પણ એકંદરે એમાં વિશિષ્ટ વિકાસ અથવા સર્વોચ્ચ સિદ્ધ છે એથી એ વિશિષ્ટ યુગ એમ યુગને અનુલક્ષીને 'પ્રશિષ્ટ' શબ્દનો ઉપયોગ થાય છે.

પ્રશિષ્ટ કૃતિ એટલે અતીતની કૃતિ જ નહીં, પરંતુ આજની આવતી કાલની પણ કૃતિ. પ્રશિષ્ટ કૃતિ એટલે પ્રાચીન કૃતિ નહીં પણ નિત્યનુતન કૃતિ ચિરંતન કૃતિ. સનાતન કૃતિ એથીસ્તો કોઈ માર્મિક વિવેચકે કહ્યું છે કે 'જગતની સૌ પ્રશિષ્ટ કૃતિઓ આજ સવારથી જ રચવામાં આવી છે'.

પરિપક્વ કર્તા જ પ્રશિષ્ટ કૃતિ લખી શકે અને પરિપક્વ વાચક જ પ્રશિષ્ટ કૃતિ પારખી શકે અને સદભાગ્ય હોય તો પામી શકે. એકસ્તો રમુજમાં કહેવાય છે, A classic is more respected then read, પ્રશિષ્ટ કૃતિનો પૂજન થાય છે એટલું એનું વાંચન થતું નથી.

પ્રશિષ્ટકૃતિની વ્યાખ્યા અને તેની લક્ષણિક્તાઓ

A classic can only occur when a civilization is mutating, when language and literature are mature it must be the work of mature mind.

અંગ્રેજી શબ્દ classic ના પર્યાય તરીકે ગુજરાતીમાં 'પ્રશિષ્ટકૃતિ' શબ્દ વપરાય છે. જેનો સંબંધ પરિપક્વતા સાથે છે તે જ પ્રશિષ્ટકૃતિ તેનો એક પર્યાય 'સૌષ્ઠવપ્રિય' છે.એ યુગમાં ગ્રીસનું પ્રજાજીવન પૂર્ણ વિકાસ પામ્યું હતું શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર,સંગીત અને સહિત્યક્લાના પ્રત્યેક ક્ષેત્રમાં ગ્રીસે પ્રગતિ કરી હતી. ડેલ્ફીના એપોલોના દેવળમાં બે સૂત્રો લખેલા છે - know thyself (તું તારી જાતને જાણ) અને Not in excess(અતિરેક નહીં)- આમાંથી જ પ્રશિષ્ટકૃતિના બે લક્ષણ વિકસ્યા છે.

(૧) જ્ઞાન - પ્રબુધ્ધતા - આત્મભાવ

(૨) પ્રમાણભાન - ઔચિત્ય - સમતુલા - સંતુલન

ISBN-978-81-977089-8-5
First Edition

સંયમ અને સમપ્રમાણતા સાથે સર્જાયેલી કલાકૃતિઓમાં શાંત ગંભીર સમપ્રમાણ વિકસિત અને સંપૂર્ણ જીવન પ્રગટ થાય છે સોફોકિલ્સ ના નાટકોમાં આવા પ્રશિષ્ટ વલણો જોઈ શકાય છે. Classic વલણો સાથે સર્જાતા સાહિત્યથી Classism પ્રશિષ્ટા વાદ પ્રચલિત થયો છે. તેના આધપ્રવતર્ક એરિસ્ટોટલ છે. અરિસ્ટોટલ પૂર્વે પ્લેટો અને અન્ય ગ્રીક ચિંતકો પ્રશિષ્ટતાના હિમાયતી હતા. પ્લેટોના આદર્શવાદમાં પ્રશિષ્ટતાવાદ પણ સમાયેલો છે.એરિસ્ટોટલ અનેક શાસ્ત્રોનો પિતા છે. એણે ધર્મનીતિ. રાજ્ય, સમાજ, કવ્યક્લાના નીતિનિયમો ધડતા શાસ્ત્રો આપ્યા.એરિસ્ટોટલ શિષ્ટતાના પ્રતીક રૂપ મહાંસ્તભ હતો.

પ્રશિષ્ટતાનો અર્થ:-

'પ્રશિષ્ટતા' માટે સ્વચ્છ, રૂપપ્રધાન, સંસ્કારશોભન. શિષ્ટ, કૃતિની વ્યાખ્યા આ રીતે આપી શકાય - સામાન્ય રીતે પ્રત્યેક યુગમાં જનસાધારણના હૃદય ઉપર પ્રભાત ધરાવતી, સહૃદય ભાવકો માટે વારંવાર અભ્યાસનો વિષય બનતી અને બદલાતી જીવનદ્રષ્ટિ અને સાહીત્યક વિભાવનાઓ અનુસાર અવનવા સૌદર્યને અભિવ્યંજિત કરી નવીન વિવેચનાન પડકારતી કૃતિને પ્રશિષ્ટ કૃતિ કહેવાય છે દરેક ભાષાના સાહિત્યમાં પ્રશિષ્ટ કૃતિ હોવી જ જોઈએ એવો કોઈ નિયમ નથી પરંતુ કોઈ પણ સાહિત્ય કે યુગમાં પ્રશિષ્ટ કૃતિ એ ગૌરવપ્રદ બાબત છે.

પ્રશિષ્ટતા ના લક્ષણો

પ્રશિષ્ટ કૃતિની છાપ ઇતિહાસ ઉપસાવી આપે છે એવું કહી શકાય કે પુરાણી હોય છતાં ટકી રહી હોય તે પ્રશિષ્ટ કૃતિ.સમયનો પડકાર પ્રત્યેક સર્જક ઝીલતો હોય છે.સમયનું મોજું મોટાભાગના સર્જકો પર ફરી વળતું હોય છે.પરંતુ તેમાંથી કેટલાક સર્જકો સમય પર વિજય મેળવે છે પ્રશિષ્ટ કૃતિનું પહેલું લક્ષણ - સમયના મોજાંના પડકારોની સામે આવી ટક્કર ઝીલવાની શક્તિ છે. 'ઇલિયડ', રામાયણ, મહાભારત, આજ પડકરોની સામે ટક્કર ઝીલતા અડીખમ ઊભા છે વર્તમાન નહિ પરંતુ ભૂતકાળ પ્રશિષ્ટતાનું ઉદભાવક બળ છે. વર્તમાનકાળની ગમે તેવી સમર્થ કૃતિ બની શકતી નથી મહાન કવિઓ સંતો કે ફિલસૂફીની શક્તિનો સાચો પ્રભાવ તેઓ જવતાં હોય ત્યારે પડે એવું તો ભાગ્યે જ બને છે. જેમ જેમ સમય પસાર થતો જાય તેમ તેમ તેમના વિચારો પ્રજાને સ્વીકાર્ય બનતા જાય છે અને પછી તો એ વિચાર પ્રજાજીવનના ઊંડા મૂળિયાં બની જાય છે.જૂની સત્વવંતી કૃતિના પાત્રો શ્રીકૃષ્ણનો ગીતાનો ઉપદેશ રામાયણના આદર્શો ભારતીય સંસ્કૃતિના અભીનન અંગ રૂપ બની ગયા છે.એ હકીકત પ્રશિષ્ટતાની નિર્દેશક છે આમ સમયના પરિપાક રૂપે પ્રશિષ્ટ કૃતિ જન્મે છે.

પહાડની ભીતરમાં ટીપે ટીપે ઝમેલું પાણી જેમ ઝરણાં રૂપે........... કૃતિના સર્જકની પ્રતિભા અને અનુભવ દ્વારા ઉત્તમ સર્જન થાય છે........... વિચારો સર્જકનું મૂળ ધન હોય છે.સામાન્ય વ્યક્તિ કરતાં આવો સર્જક વિશેષ દૂરદેશી હોય છે.તે ભાષા દ્વારા સત્ય અને સોંદર્યના શાશ્વત તત્વોનો પુનિત સ્પર્શ કરાવે છે. પૂજાની સુરુચિ ધડવામાં ધર્મદષ્ટિ સંકોરવામાં નીતિભાવના સંસ્કારવામાં પ્રશિષ્ટ કૃતિ સહાય કરે છે. આવી કૃતિના જન્મ માટે લાંબી અને દૃઢમુલ સાસ્કૃતિક પરંપરા ઉપકારક નીવડે છે.પ્રજાની સંસ્કૃતિ જેમ

ISBN-978-81-977089-8-5
First Edition

વધુ પ્રાચીન તેમ ત્યાં પ્રશિષ્ટ કૃતિની શક્યતા વધારે હોય છે. પ્રતિભાશાળી સર્જક ભવ્ય ભૂતકાળને સાંકળીને સમયાનુસાર બદલાતા રીતરિવાજો સાથે અનુબંધ સાધે છે ત્યારે પ્રશિષ્ટ કૃતિ સર્જાય છે. રામાયણ અને મહાભારત ના કાળનો સમાજ આજના મુકાબલે અલ્પશિક્ષિત કે અવિકસિત હોય પણ તેમના આચરણના ઊંચા આદર્શોને કવિએ સ્થાપ્યા છે અને ઇતિહાસનું જ્ઞાન તેના ફલકને વિશાળ બનાવે છે.કૃતિના વિચારત્તત્વને પ્રશિષ્ટતા અર્પે છે.

ભાષાની પરિપક્વતા પ્રશિષ્ટ કૃતિ માટે ખૂબ અગત્યની બાબત (૪) પશિષ્ટ કૃતિના અર્જકોની રુચિ, દૃષ્ટિ અને અભિવ્યક્તિની કક્ષા સામાન્ય સર્જકો કરતા ઊંચી હોય ? પ્રત્યેક સર્જક પોતાની શક્તિ મુજબ ભાષાનુ ખેડાણ કરે છે. પ્રશિષ્ટ કૃતિનો સર્જક હૌ ભાષાનો કસ ચુસી લેતો હોય એટલા વ્યાપક પ્રમાણમા તેનો ઉપયોગ કરે છે. ભાષાની શક્તિનો મહત્તમ ઉપયોગ કરીને તેને 'અમર' બનાવી દેવાનો યશ પ્રશિષ્ટ કૃતિના ફાળે જાય છે. વર્જિલ મને વ્યાસ તેના ઉતમ ઉદાહરણો છે ભાષાની - પરિપક્વતાની સાથે જ ‘નિરામય. સ્વસ્થ અને નિર્મળ રચના' તરીકે પણ પગિષ્ટ કૃતિનું મહત્વ છે. તેમા સાહિત્યના બાહ્ય સ્વરૂપમા સયમ. સપ્રમાણતા અને સપૂર્ણતાને વિશેષ મહત્વ આપવામા આવે છે. રુપવિધાન અને આકૃતિ પરત્વે તેમાં વિશેષ ધ્યાન આપવામાં આવે છે વોલ્ટર પેટર જણાવે છે કે Classical સજ્ઞામા પાણ શુદ્ધિઅને સમતાનુ સુચન છેજે સર્વગ્રાહિતા (comprehensiveness) એ પ્રશિષ્ટ કૃતિનું \ મહત્વનું, લક્ષણ છે. ઉત્તમ કોટિની પ્રશિષ્ટ કૃતિમાં સમગ્ર યુગની શક્તિ પગટ કે અંતરિત હોય છે. સમગ્ર પ્રજાના ચારિત્ર્યને એ પ્રતિબિંબિત કરે છે. પ્રાની ભાષામાં તેની સમગ્ર સંસ્કૃતિનું યુગવત દર્શન થાય એ રીતે તેનુ સર્જન થાય છે. પ્રજાના તમામ વર્ગોનું એ પ્રિય પુસ્તક થઈ પડે છે. જ્યારે આ પુસ્તકની સાહિત્યિક મૂલ્યવત્તા બીજી ભાષાઓની એ પ્રકારની કૃતિઓ સમાન નિવડે છે ત્યારે તેનો Universal કૃતિ સ્વીકાર થાય છે. દુનિયાના સાહિત્યમાં આવી કૃતિઓ આગળીઓના વેઢે ગણી શકાય એટલી જૂજ હોય છે. આવી પ્રશિષ્ટ કૃતિ વ્યવહારમાં ચાલુ હોય એવી ભાષામાંથી તારવવાનું કાર્ય અતિશય અઘરૂં છે. રામાયણ, મહાભારત અને ઇલિયડ આ કક્ષાની સમગ્ર જગતમાં સર્વસ્વીકૃત કૃતિઓ છે.

લોન્જાઇનસે ઔદાત્ય માટે જે પાંચ તત્ત્વોને આવશ્યક ગણ્યા છે-(1) વિચારની ભવ્યતા (૨) ભાવની ઉત્કટતા (3) સમુચિત અલંકારરચના (૪) પદરચનાની ઉત્કૃષ્મા (૫) ગૌરવાન્વિત રચનાવિધાન-તે પ્રશિષ્ટ કૃતિ માટે પણ આવશ્યક છે. લોન્જાઇનસની જેમ જ મેથ્યુ આર્નોલ્ડ પણ ભવ્ય શૈલીના ખ્યાલ માટે પ્રચલિત છે. મૈથ્યુ આર્નોલ્ડને ગ્રીક સાહિત્ય પર પક્ષપાત હતો તે શેમરને ભવ્ય શૈલીનો જનક ગણે છે અને હોમરની ભવ્ય રશૈલીના ગુણો નીચે મુજબના દર્શાવે છે.

ગતિની તીવ્રતા (Rapidity of Movement)

- ભાષણી સાદગી અને સીધીસચોટ વેધકતા (plainness and directness of language)
- પ્રકૃતિનું ઔદાત્ય (nobility of nature)
- मनी साही प्रवादिता (મનની સરળ સ્પષ્ટતા)

આર્નોલ્ડના મતે પ્રશિષ્ટ કૃતિ જીવનની સમીક્ષા તો કરે જ છે સાથે જીવનનો આનંદ પણ આપે છે. મક્ષન કવિતા ભવ્ય શૈલીમાં અવતરે છે પગિષ્ટ કૃતિની અખિલાઈમાં જ આનંદ સમાયેલો છે અને તે આનંદ પરંપરા સાથે જોડાયેલો છે.

ટી.એસ.ઈલિયટે પોતાના 'What is classic?' નામના નિબંધમા પ્રશિષ્ટ કૃતિની વિભાવના સ્પષ્ટ કરી છે. તેની પ્રશિષ્ટ કૃતિની વ્યાખ્યા મૌલિક છે. ટી. એસ.ઈલિયટના મત મુજબ 'પ્રશિષ્ટ' એટલે 'પરિપક્વ' કે 'પોઢ' /પશિષ્ટ કૃતિની રચના માટે ત્રણ પ્રકારની પરિપક્વતા આવશ્યકતા છે. -)

- મન કે મસ્તિષ્કની પરિપક્વતા maturity of mind
- સભ્યતા કે ગીલની પરિપક્વતા maturity of manners
- ભાષા કે શૈલીની પરિપક્વતા maturity of language

માનસિક પરિપક્વતા માટે ઇતિશ્યસની સપ્રજ્ઞતા આવશ્યક છે. સંસ્કૃતિનો ને સંસ્કૃતિને પ્રભાવિત કરનાર પ્રજાનો ઇતિહાસ જાણવાથી માનસિક પરિપક્વતા આવે છે. લેટિન કવિ વર્જિલનું ઐતિહાસિક જ્ઞાન સારુ હતું તેથી તેનામાં માનસિક પુખ્તતા આવી હતી. ને તેથી તે પ્રશિષ્ટ ગણાયો. વિશ્વનુ છેલ્લામાં છેલ્લી ઢબનું ઉત્તમોત્તમ જ્ઞાન પ્રશિષ્ટ સાહિત્યકાર પાસે હોવું જોઈએ. ઐતિહાસિક સભાનતા એટલે ત્રિકાલદર્શન. આમ ઇલિયટના મતે માનસિક પરિપક્વતા પ્રશિષ્ટતાનું પહેલું લક્ષણ છે. સભ્યતા કે શીલની પરિપક્વતા પ્રશિષ્ટતાનો બીજો ગુણ છે. ઇલિયટ એ દ્વારા આદર્શ-શીલવાન અને સંભ્ય ચરિત્રનિર્માણની શક્યતા દર્શાવે છે. તે ગીલ, સભ્યતા કે રીતભાતની પરિપક્વતા દ્વારા પાત્રની સાર્વત્રિકતા અને ભાવનાભિમુખતા સૂચવે છે. માત્ર વાસ્તવિક નહિ. ભાવનાશીલ ચરિત્રચિત્રણની પણ તે હિમાયત કરે છે. તત્કાલીન સમાજનું ગાદર્શ રૂપ આલેખવામા પણ સભ્યતાની પ્રૌઢિ રહેલી છે. રામાયણની રામરાજ્યની ભાવના અને રામાદિ પાત્રોના શીલ પ્રશિષ્ટતાને અનુરૂપ છે. ભાષા કે શૈલીની પરિપક્વતા એ પ્રશિષ્ટતાનો ત્રીજો ગુણ છે. સમાજમાં માનસિક અને શીલની પરિપક્વતા હોય તો ભાષાની પરિપક્વતા આપોઆપ આવી જાય છે. જ્યારે માણસમાં અતીતનો બોધ હોય, વર્તમાનમાં ઘટા હોય અને ભવિષ્ય વિષે શકા ન હોય ત્યારે વ્યક્તિની ભાષાશૈલી પ્રૌટ કે પ્રબ્રિષ્ટ બને છે.

ત્યારે કૃતિ પરંપરાનો વિકાસ કરે અને પોતાની અ-પૂર્વતા સિદ્ધ કરે તેને પ્રશિષ્ટ કૃતિ કહે છે. સર્જક અને ભાવક પૂર્વકૃતિઓથી પરિચિત હોઈ માનસિક પરિપક્વતા મેળવે મેવા સંભય છે. વર્જિલ પોતાની ભાષાના શક્ય હોય એટલા બધા રૂપ અભિવ્યક્ત કર્યા સ્તા. એઝરા પાઉન્ડ પણ ભાષાના . સૌથી ચડિયાતા રૂપને અભિવ્યક્ત કરવાનું છે. ઈલિયટના મતે, દરેક માન કવિ પ્રશિષ્ટ નથી. માન કરતાં પ્રશિષ્ટ કવિ ચડિયાતો છે. જ્યારે મહાન કવિ પ્રશિષ્ટ કવિ પણ હોય ત્યારે સ્વરુપ અને ભાષાની સંપૂર્ણતા પ્રગટ થાય છે. ઇલિયટ પસિષ્ટ કવિ પાસેથી સામાન્ય શૈલીની અપેક્ષા રાખે છે. સર્વનું સાધન ! બનેલી સામાન્ય શૈલીની અદભૂત સફળતા પ્રશિષ્ટતાનું છે. પ્રશિષ્ટ શૈલી એ? વ્યક્તિની ભાષાની નહિ પણ યુગની-સમષ્ટિની ભાષાની અભિવ્યક્તિ બની રહે છે; પ્રશિષ્ટતા વ્યક્તિ પર આધારિત નથી. ભાષા પર આધારિત છે. કવિ

ISBN-978-81-977089-8-5
First Edition

ઐતિહાસિક ચેતનાવાળો શ્રેય અને આદર્શ પાત્રચિત્રણ કરી શકતો હોય એની સાથે સર્વસાધારણ ભાષાશક્તિનો કસ કાઢી શકતો હોય તો જ પ્રશિષ્ટ બને. પ્રશિષ્ટ માટેની અનિવાર્યતા અંગે ઇલિયટ કહે છે -The classic must within its formal limitations, express the maximum possible of the whole range of feelings which presents the character of the people, who speak that language.' પ્રશિષ્ટ કૃતિને ય સ્વરૂપની મર્યાદા હોય તેમ છતા એ ભાષાના બોલનારા લોકોના ચારિત્ર્યને વ્યક્ત કરે એવી લાગણીઓનો સમગ્ર વિસ્તાર શક્ય અંશોમા રજૂ કરે છે. આવી પ્રશિષ્ટ કૃતિ માત્ર તે ભાષા બોલનારની રહેતી નથી. દેશકાળથી પર બની રહે છે. પશિષ્ટ કૃતિની વ્યાપકતા વૈશ્વિક બની રહે છે. 'પ્રશિષ્ટ' એટલે 'ત્રિવિધ પરિપક્વ' અને 'વૈશ્વિક સમું વ્યાપક' એવું કલાસર્જન. ઇલિયટનો પ્રશિષ્ટ કવિ આદરણીય છે. કોચે પણ કહેતો કે સકીર્ણ મન-હ્દય ને ગુઢ આત્મા વાળો મહાન કવિ હોઈ ન શકે. આમ, પશિષ્ટ કૃતિની લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

પ્રશિષ્ટ કૃતિમાં ઊર્મિ કે કલ્પનાના પ્રમાણમા બુદ્ધિ કે વિચારતત્ત્વ એટલે કે સાસ્કૃતિક જીવનના દર્શનનું પ્રાધાન્ય હોય છે.

પ્રશિષ્ટ કૃતિ સમાજના ઉપલા સ્તરની સંસ્કારિતા-સભ્યતા-શિષ્ટતા-સુષ્ઠુતાનું આલેખન કરે છે.

પ્રશિષ્ટ કૃતિમા સસ્કારી સયમનો દાબ સર્વત્ર જોવા મળે છે. પ્રશિષ્ટતાનો પ્રથમ સિદ્ધાંત જ સંયમ છે.

આમ, કૃતિ સાસ્ત્યિસર્જનનો વિશિષ્ટ માનદંડ ઊભો કરી આપે છે. ઈતિહાસ અને સંસ્કૃતિનું અદભૂત મિલન પ્રશિષ્ટ કૃતિના માનસરોવરના કાંઠે થાય છે. સંસ્કૃતની 'ઉતરરામચરિત', 'અભિજ્ઞાનશાકુન્તલ', ગુજરાતીની 'સરસ્વતીચંદ્ર'. હિંદીની 'રામચરિતમાનસ'. બગાળીની 'ગોરા', રશિયન ભાષાની 'બ્રધર્સ કારમાઝોવ', ફ્રેન્ચભાષાની 'વિક્ટર હ્યુગો' તથા અંગ્રેજીની 'પેરેડાઈઝ લોસ્ટ', 'વોર એન્ડ પીસ' વગેરેને પ્રશિષ્ટ કૃતિઓ ગણાવી શકાય.

પ્રશિષ્ટ કૃતિ એવી વિભાવના સંસ્કૃત વિવેચનમાં નથી.તેથી ગુજરાતી વિવેચનમાં આ વિભાવના સંસ્કૃત સાહિત્યમાંથી આવી નથી આ આખી વિચારણા સંસ્કૃત સાહિત્યમાંથી આવી નથી.આ આખી વિચાર ધારા પશ્ચિમમાંથી અને તેમાંથી ગ્રીસ- ગ્રીક માંથી આવી એટલે કે પશ્ચિમની વિભાવના છે. ઇસુની બીજી - ત્રીજી સદીમાં આ પરિભાષા classical Text પ્રચલિત થઈ. મૂળ ગ્રીક શિલ્પ - સ્થાપત્યમાં જે નમૂનાઓ હતા તેને પરથી સાહિત્ય કૃતિઓ માટે આ શબ્દ આવ્યો.અંગ્રેજી શાસન અને અંગ્રેજી સાહિત્યના પ્રભાવે ગુજરાતીમાં અંગ્રેજી classical Text નો સીધો અનુવાદ પ્રશિષ્ટ કૃતિ રૂપે આવ્યો તેથી એમ કરી શકાય કે અંગ્રેજી શાસન પછી રચાઈ તે જ ભારતીય કે ગુજરાતી સાહિત્યની કૃતિને જ classical Text કે પ્રશિષ્ટ કૃતિ કહેવાય ના એવું નથી.સંજ્ઞા ભલે પછીથી અસ્તિત્વમાં આવી. અંગ્રેજી સાહિત્યના પ્રભાવે આવી પણ ભારતીય અને ગુજરાતી સાહિત્યમાં રામાયણ જેટલી જ જૂની છે.તેના કરતાં પણ પુરાણી છે.

પણ આપણી અહીં ગુજરાતી સાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓ વિશે વાત કરવી છે.નરસિંહ મહેતા અને તે પૂર્વેથી ગુજરાતી ભાષામાં ઘણું બધું સર્જન થયું છે. સિદ્ધહેમના દુહા આપણો પુરાણો પ્રશિષ્ટ સાહિત્યનો વારસો જ છે. નરસિંહના પ્રભાતિયાં મીરાના પદો.દયારામની ગરબીઓ એ આપણો ગુજરાતી સાહિત્યનો પ્રશિષ્ટ વારસો જ છે.

આજે પણ સાહિત્યમાં સમાજમાં નરસિંહના પ્રભાતિયાં,ભજનો,મીરાના પદો દયારામની ગરબીઓ ગવાય છે.તેથી કહી શકાય કે તે પ્રશિષ્ટ કૃતિઓ છે. પ્રશિષ્ટ એટલે સમયની કસોટી પર પાર ઉતરેલી કૃતિ જે કદી જૂનું થતું નથી તે પ્રશિષ્ટ આ ત્રણેય સર્જકોની કૃતિઓ સમયની કસોટીએ પાર ઉતરી હોય તે પ્રશિષ્ટ છે તેમ કહેવાય.

પ્રેમાનંદ આપણા મધ્યકાલીન ઉત્તમ આખ્યાનકાર પ્રેમાનંદના સુદામાચરિત્ર નળાખ્યાન ઓખાહરણ અભિમન્યુ આખ્યાન વગેરે આજે પણ એટલા જ પ્રસ્તુત છે જેમ કે નળાખ્યાન નળાખ્યાન કાળના પ્રવાહમાં આજ સુધી ટકી રહ્યું છે તેથી પ્રશિષ્ટ તો ખરી જ સમય ખૂબ મોટો વિવેચક છે.તેમાં ખરી ઉતરેલી છે.

અખા કૃતિ અખેગીત ગીતા શબ્દ અધ્યાડમ પ્રકારની કૃતિઓ માટે વપરાય છે. એક વ્યક્તિઓ બીજી વ્યક્તિને આપેલો અધ્યામ બોધ છે.જેમ કૃષ્ણને અર્જુનને ભગવતગીતા રૂપે બોધ આપ્યો તેમ અહીં પણ હરી,ગુરૂ,સંતની સેવા કરવાની વાત છે. આપણા અભ્યાસક્રમની કૃતિ છે.

દલપતરામ કૃત વેનચરિત્ર અને મિથ્યાભિમાન પણ ગુજરાતી પ્રશિષ્ટ કૃતિઓ ગણી શકાય વેમ ચરિત્ર અને મિથ્યાભિમાન આજે પણ પ્રસુતુત આજે પણ કોલેજ કક્ષાએ ભણાવાય છે.નંદશકર , તુળજાશંકર, મહેતાકૃત, કરણઘેલો, રમણભાઈની લકકૃતિ, ભયુંભયું, રાઈનો પર્વત પણ પ્રશિષ્ટ કૃતિઓ મૂકી શકાય ગોવર્ધનરામ ત્રિપાઠી કૃત સરસ્વતી કાન્તનું પૂર્વલાપ પણ પંડિતયુગની પ્રશિષ્ટ કૃતિ બેશક મૂકી શકાય સાથે બળવંતરાય ઠાકોર કૃત મ્હારા સોનેટ, નરસિંહરાવ દિવેટિયાકૃત ક્સુમમાળા નાનાલાલ મધુકોશ ન્હાનાલાલના કાવ્યો નું અનંતરાય કરેલું સંપાદન પણ પ્રશિષ્ટ કૃતિની વિભાવના ચોક્કસ બંધ બેસે તે પ્રકાશની કૃતિઓ છે..

ગાંધીજી - મોહનચંદ કરમચંદ ગાંધી કૃત સત્યના પ્રયોગો (મારી આત્મકથા) ગાંધીયુગની પ્રશિષ્ટ કૃતિ તરીકે ગણી શકાય ઉમાશંકર નીશિવ કાવ્યસંગ્રહ ને કે સુંદરમ્ ના વિવેચન ગ્રંથ અર્વાચીન કવિતા ને પણ પ્રશિષ્ટ કૃતિમાં સ્થાન આપવું જ પડે પન્નાલાલ પટેલની કૃતિઓ મળેલા જીવ અને માનવી ની ભવાઈ આજે પણ ભાવકો હોંશે હોંશે વાસે છે.બંને કૃતિઓ સમયની કસોટીએ ખરી ઉતરી છે તેથી પ્રશિષ્ટ કહેવાશે જ ઝવેરચંદ મેધાણી કૃત યુગ વંદના કાવ્ય સંગ્રહ વેવિશાળ લઘુનવલ કે પછી સોરઠતારા વહેતા પાણી પણ પ્રશિષ્ટ કૃતિમાં સ્થાન આપવું જ પડે પન્નાલાલ પટેલની ચોક્કસ સ્થાન પામે તો ક. મા. મુનશીની , પાટણની પ્રભુતા ગુજરાતનો નાથ , રાજાધિરાજ, ઊપરાંત જય સોમનાથ, પૃથ્વી વલ્લભ ને પણ પ્રશિષ્ટ

ગણી શકાય. ઇશ્વર પેટલીકની જનમટીપ ,મનુભાઈ પંચોલી કૃત નીવાર્ગ, સોફેટિસ, ઝેરતો પીધા છે. જાણી જાણી કે પછી રાજેન્દ્રશાહ કૃત ધ્વનિ કાવ્યસંગ્રહ પણ પ્રશિષ્ટ માં સ્થાનના અધિકાર બને છે..

આમ તો કાવ્યોને - સમયને ઓળગી જાય તે કૃતિને પ્રશિષ્ટ ગણી શકાય.આજે પણ જે વાંચતી હોય.ભવકોમાં લોકપ્રિય હોય તેવી કૃતિને પ્રશિષ્ટ ગણી શકાય.રાવજી પટેલ કૃત અંગત કાવ્યો સંગ્રહ જોસફ મેકવાનકૃત આંગબીમળ, કે મણીલાલ દેસાઈકૃત રાનેરી ને પણ પ્રશિષ્ટ ગણી શકાય.

સંદર્ભગ્રંથો

૧. ગુજરાતી સાહિત્યકોશ (ભાગ-૧થી ૩), ગુ.સા.પરિષદ,અમદાવાદ
૨. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ (ભાગ-૧થી ૩), ગુ.સા.પરિષદ,અમદાવાદ
૩. અધીત:પર્વ-૧,સંપાદકો:જે .એમ.ચંદ્રવાડિયા અને અન્ય
૪. અર્વાચીન ગુ.સા.નો ઈતિહાસ –ધીરુભાઈ ઠાકર
૫. સ્વાધ્યાયલોક-૧ કવિ અને કવિતા –નિરંજન ભગત

ISBN-978-81-977089-8-5
First Edition

પ્રકરણ-૨ પન્નાલાલપટેલ માનવીની ભવાઈ

અર્વાચીન ગુજરાતી સાહિત્યના સફળ જાનપદી નવલકથાકાર પન્નાલાલ પટેલ તેઓ ગુજરાતી સાહિત્યકાર હતા. તેમનો જન્મ ૭ મે ૧૯૧૨ના રોજ હવે રાજસ્થાન રાજ્યમાં આવેલા ડુંગરપુર જિલ્લાના માંડલી ગામમાં નાનાશા અથવા નાનાલાલ અને હીરાબાને ત્યાં આંજણા ચૌધરી કુટુંબમાં થયો હતો. તેઓ તેમના ચાર ભાઇ-બહેનોમાં સૌથી યુવાન હતા.તેમના પિતા ખેડૂત હતા અને રામાયણ, ઓખાહરણ અને અન્ય ધાર્મિક વાર્તાઓનું તેમના ગામમાં પઠન કરતા હતા. આને કારણે તેમના ઘરની નામના થઇ હતી. તેમના પિતા પન્નાલાલના નાનપણમાં જ મૃત્યુ પામ્યા અને તેમની માતા હીરાબાએ સંતાનોનો ઉછેર કર્યો હતો. તેમના શિક્ષણ દરમિયાન તેમની ગરીબીના કારણે અનેક અડચણો આવી હતી. તેઓ ઇડરની સર પ્રતાપ હાઇ સ્કૂલમાં માત્ર ચોથા ધોરણ સુધી જ અભ્યાસ કરી શક્યા. શાળાજીવન દરમિયાન તેઓ ઉમાશંકર જોષીના મિત્ર બન્યા હતા. થોડો સમય માટે તેમણે ડુંગરપુરમાં દારુના ભઠ્ઠા પર મેનેજર તરીકે નોકરી કરી હતી. તેમણે તેમની પ્રથમ નવલકથા અમદાવાદમાં એક સદગૃહસ્થના ઘરે નોકરી કરતા લખી હતી. ૧૯૩૬માં અમદાવાદમાં મળેલ ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં ઈડર શાળાના સહાધ્યાયી ઉમાશંકર જોષી સાથે તેમનો અચાનક સંપર્ક થયો અને તેમના પ્રોત્સાહનથી તેમણે સાહિત્યસર્જનનો પ્રારંભ કર્યો. તેમણે તેમની પ્રથમ ટૂંકી વાર્તા શેઠની શારદા (૧૯૩૬) લખી. પછીથી, તેમની વાર્તાઓ ઘણાં ગુજરાતી સામયિકોમાં પ્રગટ થઇ. ૧૯૪૦માં, તેમની પ્રથમ નવલકથા વળામણાં અને મળેલા જીવ (૧૯૪૧), માનવીની ભવાઇ (૧૯૪૭) અને અન્ય નવલકથાઓ પ્રગટ થઇ. એક સદગૃહસ્થની મદદથી અમદાવાદ ઈલેકટ્રિક કંપનીમાં નોકરી મેળવી પહેલા ઑઈલમેન અને પછી મીટર-રીડીંગ કરનાર તરીકે તેમણે કાર્ય કર્યું. ચાર-પાંચ વર્ષ મુંબઈની એન.આર.આચાર્યની ફિલ્મ કંપનીમાં પટકથા લેખક તરીકે કાર્ય કર્યું. ત્યાર બાદ વતન માંડલીમાં જઈ ખેતીનો વ્યવસાય અને સાથે-સાથે લેખનપ્રવૃત્તિ કરી. ૧૯૪૭માં ક્ષયની બીમારી અને પછી અરવિંદના યોગમાર્ગ પ્રત્યે તેઓ આકર્ષિત થયા. ૧૯૫૮ થી તેમણે અમદાવાદમાં સ્થાયી વસવાટ કર્યો અને લેખનનો મુખ્ય વ્યવસાય અપનાવ્યો. ૧૯૭૧માં તેમણે અમદાવાદમાં તેમના બે પુત્રોની સાથે સાધના પ્રકાશન કંપનીની શરુઆત કરી.પાછલા વર્ષોમાં તેમણે મુખ્યત્વે હિંદુ ધાર્મિક વાર્તાઓ અને મહાકાવ્યો પર આધારિત નવલકથાઓ લખી. ૧૯૭૯માં વડોદરામાં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદના સર્જન વિભાગના તેઓ પ્રમુખ હતા. તેમણે પોતાના સંઘર્ષના દિવસોને 'વાસંતી દિવસો' ગણાવ્યા હતા. તેમની કૃતિ 'કંકુ' પરથી ગુજરાતી ફિલ્મ બની હતી. ૬ એપ્રિલ ૧૯૮૯ના રોજ અમદાવાદમાં બ્રેઈન હેમરેજથી તેમનું અવસાન થયું હતું.

નવલકથા - માનવીની ભવાઈ, વળામણાં, સુરભિ, મીણ માટીના માનવી, નગદ નારાયણ, અજવાળી રાત અમાસની, એક અનોખી પ્રીત, પાર્થને કહો ચડાવે બાણ, રામે સિતાને માર્યા જો!, શિવપાર્વતી, ભીષ્મની બાણશય્યા, કુબ્જા અને શ્રીકૃષ્ણ, કચ-દેવયાનિ, મળેલા જીવ, આંધી અષાઢની,

ISBN-978-81-977089-8-5
First Edition

જાનપદી, ભાંગ્યા ના ભેરૂ ,ઘમ્મર વલોણું, પાછલા બારણે, નવું લોહી, પડઘા અને પડછાયા, નથી પરણ્યા નથી કુંવારા,મનખાવતાર, નાછૂટકે.

નવલિકા - સુખદુ:ખના સાથી, ધરતી આભનાં છેટા, રંગમિનારા, બિન્ની, પન્નાલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ, વીણેલી નવલિકાઓ,પાનેતરમાં રંગ,વટ નો કટકો, મનનાં મોરલાં, વાત્રક ને કાંઠે, ચીતરેલી દીવાલો,પીઠીનું પડીકું, જીંદગી ના ખેલ.

નાટક - જમાઇરાજ, ચાંદો શેં શામળો, સપનાનાં સાથી, અલ્લડ છોકરી, સ્વપ્ન, વૈંતરણી ના કાંઠે,ઢોલીયા સાગ સીસમન

૧૯૫૦માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો. ૧૯૮૫માં તેમની રચના માનવીની ભવાઈ માટે સાહિત્યનો સર્વોચ્ચ પુરસ્કાર જ્ઞાનપીઠ પુરસ્કાર તેમને મળ્યો હતો. ઉમાશંકર જોષી પછી જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનાર તેઓ બીજા ગુજરાતી ભાષાના લેખક હતા.[૫]

પન્નાલાલ પટેલને 'સાહિત્ય જગતનો ચમત્કાર' અને 'ગુજરાતી સાહિત્યનું પરમ વિસ્મય' જેવા બિરુદોથી નવાજવામાં આવ્યા છે

માનવીની ભવાઈ નવલકથા

લેખક પન્નાલાલ નાનાલાલ પટેલની પ્રતિભાનો મહત્તમ તાગ આપતી નવલકથા.

(1) વિષયપ્રવેશ:

ગાંધીયુગના વ્યાપક, સહજ, વિચારપ્રભાવ માત્રથી અને ગાંધીજીના વ્યક્તિત્વની અપ્રતિમ આભા-પ્રભાથી 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ', 'જનમટીપ' જેવી ઉત્તમ પ્રાદેશિક સાહિત્યકૃતિઓનું વિશિષ્ટ, પ્રભાવક સર્જન થવા લાગ્યું ! શુદ્ધ પ્રાદેશિક નવલકથાઓનો જાણે કે, લોકભોગ્ય યુગ જ આરંભાયો ! 'માનવીની ભવાઈ' એટલે માત્ર પન્નાલાલ પટેલની જ નહિ, સમગ્ર ગુજરાતી નવલકથા સાહિત્યની સર્વોત્તમ પ્રાદેશિક નવલકથા તરીકે યશ-માન પામી! લેખકની તે યશોદા કૃતિ તથા ગુજરાતી પ્રાદેશિક નવલકથાક્ષેત્રે અમર રચના, કલાકૃતિ !

(2) નવલકથાનો કાર્યપ્રદેશ તથા તેની સંપુર્ણતા:

સર્વોચ્ચ પ્રાદેશિક નવલકથા 'માનવીની ભવાઈ' નો કાર્યપ્રદેશ, ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ઈડર પહાડની પ્રાકૃતિક, નૈસર્ગિક ભૂમિ-પ્રદેશમાં વસતા જનસમાજનો છે. આ લાક્ષણિક, તંદુરસ્ત પરંપરાયુક્ત, નખશિખ સામૂહિક જીવન જીવતા માનવસમાજને, કાવ્યાત્મક, કલાત્મક ભાષાશૈલીમાં પન્નાલાલ પટેલે મૂર્ત કર્યો છે ! કૃતિ 'માનવીની ભવાઈ' નાં કેટલાંક પ્રકરણો તો ઉત્તમ પધમય ગધનો (કવિતામય ગદ્યશૈલીનો) ઉત્કૃષ્ટ અનુભવ કરાવે છે. તે પ્રકરણો સર્વ રીતે સર્વોત્કૃષ્ટ, કલાત્મક તથા રસઘન છે.

ISBN-978-81-977089-8-5
First Edition

(3) સર્વોત્તમ પ્રાદેશિક નવલકથા 'માનવીની ભવાઈ':

ઈડરિયા પહાડની વિશિષ્ટ ભૂમિમાં વસતા લાક્ષણિક માનવસમૂહના લાક્ષણિક જીવનવ્યવહારને પન્નાલાલ પટેલ લાક્ષણિક રીતે, કલાત્મક રીતે અભિવ્યક્ત, શબ્દસ્થ કર્યોછે. તેનાં ખેતી-વાડી, પશુપાલન, પાક-મોલાત, અનાજના ડોડા, હુડા, ગોળા તથા ગોઠણો, સાંકળિયાં, મહુડાનાં વૃક્ષો, વાંધો, ભવાયા તથા તેમની લાક્ષણિક ભવાઈ, ભૂવા-ભરાડીઓ, લોકઉત્સવો, વાવણી-કાપણી, મેળો, ધર્મશ્રદ્ધા, મંદિર-પૂજા-આરતી, વિવિધ પ્રાકૃતિક ઋતુઓ-સમસ્ત, અખંડ પરિવેશ તેના વિશિષ્ટ, પથાર્થ કાળચક્ર સહિત નિરૂપણ પામ્યો હોવાથી 'માનવીની ભવાઈ' ગુજરાતી ભાષાસાહિત્યની સર્વોત્તમ પ્રાદેશિક નવલક્થા તરીકેસુપ્રતિષ્ઠિત છે.

(4) 'માનવીની ભવાઈ' નવલકથાની કથાવસ્તુની કલાત્મકતા:

'માનવીની ભવાઈ' પ્રાદેશિક નવલકથાનો નાયક કાળુ છે તથા તેની નાયિકા રાજુ છે. બેઉના વ્યક્તિગત, અંગત પ્રેમાનુભવને કેન્દ્રમાં રાખીને કુશળ નવલકથાકાર પન્નાલાલ પટેલે આખીયે કૃતિનો કથાતંતુ- વાર્તાપ્રવાહ વહેતો રાખ્યો છે- વિકસતો, ગતિશીલ, પ્રગતિશીલ રાખ્યો છે. આખીયે રચનાની કથાવસ્તુના કેન્દ્રમાં કેવળ નાયક-નાયિકા છે અને તે બંનેના પાત્રાલેખનમાં, તેના કેન્દ્રમાં કાળુ-રાજુનો અવિરત વહેતો, ઉચ્ચસ્તરે નિઃસ્વાર્થ, સતત વિકાસશીલ એવો આકર્ષક, પ્રભાવક, રસિક, સાહજિક, કલાત્મક પ્રેમ છે ! 'માનવીની ભવાઈ'ના મૂળબિન્દુ તરીકે એકમાત્ર અચલ પ્રણયનિરૂપણ વાચક માટે પણ આકર્ષણનો વિષય બને છે! પન્નાલાલે આ પ્રણયપ્રરૂપણ કવિપ્રતિભાથી કર્યું હોવાથી તેમાં જેટલી તાજગી છે, તેટલી જ બલપ્રદતા પણ છે .નાયક-નાયિકાનાં પ્રણયચરિત્રો પરે જ ઉદાત્ત પાત્રાલેખનો છે. નાયક કાળુ આખીયે નવલકથામાં જાણે કે નિર્ભયતાની મૂર્તિ સમાન છે ! આ નાયક સચ્ચાઈની આદર્શમય મૃર્તતા છે ! ગમે તેવા વિપમતમ, ભીપેલ, અસહ, ભયાનક સંજોગો વચ્ચે પણ કાળુનું મન ભલીમાં ભળતું નથી, આકર્ષિત થતું નથી. નાયક કાળુનું શૌર્ય, તેની ઉચ્ચ પ્રકારની ખાનદાની, 2) તેનો અણનમ વટ, તેવી જ તેની અડોલ ટેક, પમીર તથા પુમારી- સર્વ કલાપૂર્ણતાથી નિરૂપણ પામ્યાં છે. એ જ પ્રમાણે નવલકથાની નાયિકા રાજુનું ચરિત્રચિત્રણ તથા વિશેષે કરીને પ્રણયનિરૂપણ પણ એટલું જ હૃદયંગમ, આહલાદક છે !

(5) નવલકથામાં દુકાળનું યથોચિત, કલાપૂર્ણ, ભાવપૂર્ણ, રસપૂર્ણ વર્ણન-નિરૂપણ:

આટલું ઉત્તમ, નમૂનેદાર, છટાદાર, સંપૂર્ણ હૃદયદ્રાવક ચિત્રણ સમગ્ર ગુજરાતી નવલકથા સાહિત્યમાં દુષ્કાળ વિષયક બીજું થયું નથી ! તેની અનન્યતા જગજાહેર છે ! કૂતરાને આપેલો શ્વાનભાગ લેવા જતી ભૂખી માનવભૂતાવળ ઉપર બંદૂકની ગોળી છૂટે છે ! આખાયે વેરાન વગડો જાણે કે, ખાઉં, ખાઉં, કરે છે! જયાં નજર કરો ત્યાં મરેલાં માનવ અને મરેલાં ઢોરનાં હાડપિંજરો જ દષ્ટિગોચર થાય છે! સર્વત્ર મોતનો હાહાકાર અનુભવાય છે ! આ બધાં વર્ણન-નિરૂપણથી કરુણ રસનો અવંધિ થાય છે ! વાર્તાકાર, નવલકથા લેખક જાણે કે કવિ બને છે ! આંખને આંજી દે, મનને સજ્જડબમ્બ કરી દે, સમગ્ર ચૈતન્યને

ISBN-978-81-977089-8-5
First Edition

દિમંઢ કે ચિત્રવત્ કરી દે તેવાં અનેકવિધ દુષ્કાળ વર્ણનો એ વાસ્તવમાં 'માનવીની ભવાઈ' નવલકથાની કલાસમૃદ્ધિ છે. વર્ણનકલાની પરિપૂર્ણતા છે.

(6) નવલકથાની સમૃદ્ધ ગદ્યશૈલી અથવા અણમોલ ભાષાવૈભવ: પ્રાદેશિક નવલકથા 'માનવીની ભવાઈ'ની ભાષાશૈલી, ગદ્યશૈલી પરે જ કાવ્યમય છે! શબ્દ તથા અર્થ, ભાવ તથા રસ, કલ્પના તથા સામથ્ર્ય- બધું જ પરે જ આશ્ચર્યકારક રથિક છે, સાનંદાશ્ચર્યકારક છે ! કેટલાંક ઉત્તમ વાક્ય-વર્ણનના નમૂનાઓ : 'અષાઢી ત્રીજની રાતે આકાશ ચગડોળ ચશુ !' 'એક રાતમાં ધરતીએ જાણે પાસું ફેરવી નાખ્યું!' જેવા પ્રકરણોનાં વર્ણનો અદ્ભુત છે ! દુષ્કાળના પ્રકરણો = "આ દનના બાપડાનાય ટાંટિયા ભૂખે ભાંગી ગયા છે કે શું ? તે હેંકતા જ નથી?" ધરતી પર મોતનો વરસાદ વરસી રહ્યો હતો !" 'માનવીની ભવાઈ' ના વર્ણન-ચિત્રોમાં જ શા માટે, વાર્તાલાપોમાં, કટાક્ષોમાં, મનોમંથનોમાં જે ભાષાસામર્થ્ય ઠેરઠેર પશું છે, તેમાં અભ્યાસની ચોકબંધ સામગ્રી પર છે. ક્યાંક મોતીની સેરો, તો કયાંક પૂંચી ગયેલ શલ્યની વેદના ! શિટોચ ભાષાવૈભવ પરંતુ તો છે માલીનો !' આ ભાષાવૈભવનો હિસ્સો 'માનવીની ભવાઈ'ને રસપ્રદ બનાવવામાં તથા એને સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરાવવામાં નાનોસૂનો નથી.

(7) મહાકાળની રમણીય કથા:

'માનવીની ભવાઈ' આટલું બધું તેજ-કૌવત દર્શાવતાં હોવા છતાં, આ આખીયે કથા પાત્રોની કથા કરતાં મહાકાળની કથા છે. અથવા કાળપ્રધાન કથા છે. એ ખાસ નોંધપાત્ર છે કે, કાળ પોતે જે નવલકથાની કથાને ગતિ આપે છે ! આથી એમ કહેવું સર્વથા ઉચિત જ છે કે આ કલાકૃતિમાં, સર્વોચ્ચ પ્રાદેશિક નવલકથામાં, કાળ સ્વયં જ જાણે કે મહાનાયક છે ! સર્વ કંઈ એ મહાકાળની આંગળીઓનાં ટેરવે નાચે છે! કૃતિ કાળપ્રધાન રચના છે.

(8) નવલકથાનો નાયક કાળુ તથા નાયિકા રાજુ:

'માનવીની ભવાઈ' પ્રાદેશિક ઉત્તમ નવલકથાનો નાયક કાજુ તથા નાવિકા રાજુ છે. આમ છતાં એ બંનેના સ્વભાવમાં પારાવાર તફાવત છે. કાળુ સમગ્ર નવલકથામાં મુખ્યત્વે સ્વપ્નસેવી, આકાંથાપ્રિય અને ભાવના કે આદર્શવાદી તરીકે ઊપસી આવે છે. વાર્તાનાયક માટે તેનો આ સાહજિક સ્વભાવ સર્વથા યોગ્ય છે. જ્યારે નાથિકા રાજુ, નાયક કાજુ કરતાં પ્રતિપક્ષે છે અર્થાત્ વ્યવહારદક્ષ છે. તે કોઠાસૂઝવાળી, શાલી, સર્વથા વ્યવહારપટુ, કુશવ સ્ત્રી છે. આથી જ નાયિકાનો પ્રભાવ નાયક ઉપર પણ પડે છે ! જ્યારે નાયક કાળુનો પ્રભાવ વાર્તાનાં અન્ય પાત્રો ઉપર પડે છે. છેવટ જતાં ભૂખ કરતાં પણ મોતનો સ્વીકાર કરેનાર વાર્તાનાયક કાળુ તરફડે છે. તેવી અતિ મહત્ત્વપૂર્ણ, લાક્ષણિક, નિકટવર્તી થશે નાયિકા રાજુ, નાયક કાજુને પોતાના સ્તનનું સ્વેચ્છાએ પાન કરાવે છે ! મરતા-મરવા પડેલા કાળુમાં, રાજુના સ્તનપાન-પ્રતાપથી ચેતના આવે છે ! આ છે આ અણમોલ નવલકથાનો અત્યંત લાક્ષણિક, કલાત્મક, પરિપૂર્ણ અંત ! પન્નાલાલની અગાઉની નવલકથાઓમાં નાયક-નાયિકાના પ્રણયજીવનમાં આવતી ગૂંચ અને પછી તેનો આવતો ઉકેલ તે તો 'માનવીની ભવાઈ'માં છે જ, પણ અહીં પ્રથમ વાર લોક અને કાળનું તત્વ ઉમેરાતાં

કથાસૃષ્ટિ સંકુલ બને છે. નાયક-નાયિકાની પેટની ભૂખ જાણે હૈયાની ભૂખની પરીક્ષા લેતી હોય તેવી ભૂંડી બને છે. છેવટે હૈયાની અને પેટની બંને ભૂખ ભાંગે એવા સંજોગો સર્જાય છે. 'ઊજડ આભલે અમી' પ્રગટે છે અને રાજુ-કાળુ તથા લોકની ભયંકર યાતના-કથા સુખાન્તમાં પરિણમે છે. પ્રથમ પ્રકરણમાં બુઢ્ઢો કાળુ પોતાના જીવનના પાછલા દાયકાઓને યાદ કરી રહ્યો છે; પરંતુ બીજા પ્રકરણથી અંતિમ પ્રકરણ સુધીના આલેખનમાં ફ્લેશબૅક પદ્ધતિનો અનુભવ થતો જ નથી. કથા એકડે એકથી પ્રારંભાઈ સમયાનુક્રમી ગતિએ આગળ વધે છે. પટેલ જ્ઞાતિમાં જન્મેલાં બાળવયનાં કાળુ અને રાજુની સગાઈ ન થાય તે માટે કાળુના કાકા પરમા ડોસાની પત્ની માલી અધમતમ પ્રયત્નો કરી છૂટે છે; તેમ છતાં ફૂલી ડોશી કાળુની સગાઈ રાજુ વેરે કરાવીને જ રહે છે. માલી, ઈર્ષ્યાળુ પિતરાઈઓ અને ખંધા પંચાતિયાઓના પ્રયત્નોથી સગાઈ તૂટતાં રાજુનું લગ્ન બીજવર ઘ્રાળજી સાથે અને કાળુનુંયે લગ્ન ઘ્રાળજીના કુટુંબમાં થાય છે. નાનપણથી જ એકબીજાને ઝંખતાં–ચાહતાં કાળુ-રાજુની યુવાવયે મિલન-ઝંખનાની તરસ અને સંજોગોની ભીંસ વચ્ચે તેમના લાગણી-સંઘર્ષને લેખકે અજબ કુશળતાથી આલેખ્યો છે. ગામડાના જીવનની રોજ-બ-રોજની ઘટનાઓના સંદર્ભ દ્વારા લેખક ગહન-સૂક્ષ્મ ઊર્મિવ્યાપારો માટે મોટો અવકાશ રચી શક્યા છે. વિજોગ અને ભૂખની વેદનામાં તવાઈને રાજુ રાજવણ રાજુ લેખેનાં તેનાં ધૈર્ય અને આભિજાત્યનો અનુભવ કરાવે છે. પ્રેમી, ખેડૂત અને છપ્પનિયા કાળની આફત વેળાએ લોકનેતા તરીકે ઊપસતો કાળુ તેના ચરિત્ર દ્વારા ઘેરા કરુણ સાથે માનવતાના મૂલ્યને પણ પ્રગટાવે છે. ભૂખ અને ભીખ બંને ભૂંડાં, પણ તેમાંયે સૌથી વધુ ભૂંડી તો માનવીના આત્માને ઓગાળી નાખનારી ભીખ જ છે એ સત્ય કાળુ અને રાજુના પાત્ર દ્વારા કળામયતાથી પ્રગટે છે. પ્રમાણમાં દીર્ઘ એવી આ કૃતિના ત્રણ ભાગ જોઈ શકાય છે. પ્રથમ ભાગ કાળુનો જન્મ, ઉછેર, નાનપણમાં થયેલ કાળુ અને રાજુની સગાઈ (જે પછી માલીના પ્રયત્નોથી તૂટે છે), રાજુ-કાળુનાં અન્યત્ર થતાં લગ્ન વગેરે આલેખે છે. બીજામાં નાયક-નાયિકાનાં હૈયાંની ભૂખ અને ત્રીજામાં ભૂખી ભૂતાવળ સર્જતા છપ્પનિયા કાળની ભયંકર યાતના-કથા આલેખાઈ છે. કથામાં કાળ અને બૃહદ લોકસંસારનું પરિમાણ ઉમેરાતાં કૃતિ મહાકાવ્યની કક્ષાએ ઊંચકાય છે. 'ભૂખી ભૂતાવળ' પ્રકરણમાં પન્નાલાલની કથનકલા ઊંચી કક્ષાએ પહોંચે છે. 'પરથમીનો પોઠી' પ્રકરણમાં ઋતુ-ઋતુના બદલાતા રંગો સાથે 'પરથમીના પોઠી' તરીકે જીવતા ખેડૂતના જીવન અને ગ્રામસૃષ્ટિનું જીવંત આલેખન છે. પુસ્તકનો લગભગ ચોથો ભાગ છપ્પનિયાના કેરને આલેખવામાં રોકાયેલો છે. ખેડૂતજીવનનું સચ્ચાઈભર્યું આલેખન સહજ રીતે સાહિત્યિક ઊંચાઈવાળું બન્યું છે. પેથો પટેલ, બુઢ્ઢો કાબુલી, અળખો ગામેતી, નાનિયાની ખોડી, ફૂલી ડોશી, કાસમ ઘાંચી, રણછોડ, ડેગડિયાના સુંદરજી શેઠ વગેરે ગૌણ પાત્રો પણ જીવંતપણે આલેખાયાં છે. દુરિત તત્વના અવતાર સમું માલી ડોશીનું પાત્ર યાદગાર બન્યું છે. ઉમાશંકર જોશીના શબ્દોમાં 'હૈયાની ભૂખ'ની આ નવલકથા છે અને પેટની ભૂખના મહાતાંડવ વચ્ચે એને રજૂ કરવામાં આવી છે એ બંને ભૂખને લીધે તો આ માનવીની ભવાઈ છે.' ઉપમા, કહેવતો, લોકગીતો આદિ દ્વારા લેખક હળખેડુની સહજ સમૃદ્ધ રસિક ભાષાનો કથાની પાત્રસૃષ્ટિ દ્વારા આસ્વાદ કરાવે છે. ઉમાશંકરના મતે 'માનવીની ભવાઈ' ભાષાનું ધન વધારનારો 'સરસ્વતીચન્દ્ર'

પછીનો મહાગ્રંથ છે. આ 'માનવીની ભવાઈ'નો કથાદોર આગળ ચલાવતાં લેખક 'ભાંગ્યાના ભેરુ' (1957) તથા 'ધમ્મર વલોણું' (ભાગ 1, 2) (1968) આપે છે; પરંતુ 'માનવીની ભવાઈ' ઉત્કૃષ્ટતામાં અનન્ય જ રહે છે. 38 પ્રકરણમાં વહેંચાયેલી માનવીની ભવાઈ" નવલકથા ગુજરાતની સરહદ પરના ચાર દાયકા પૂર્વે વસનારા વસનારા નવા ને જુના જમાનાના સંધિકાળે ઊભીને અમડાતા ગામડાની વાત છે. તેથી જ સર્વશ્રેષ્ઠ ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર મળેલો છે.

'માનવીની ભવાઇ' એ ગ્રામીણ સમાજની વાત છે, ને ગતિ આપનાર બળ તે કાળ છે, ને બીજાં તો એનાં દોરવ્યા દોરાય છે. સમગ્ર સમાજને ભૂમિકા સ્વરૂપે લઈ તેના પર કાળને જ પાત્ર બનાવીને છેલ્લી પચ્ચીસીમાં પહેલી ઠીક ઠીક સફળ વાર્તા લખવાને કારણે ભાઈ પન્નાલાલ આપણે ત્યાં ઘણાને માર્ગ ચિંધસે. કાળુ નિર્ભર ને સચ્ચાઈભર્યા જુવાન છે. વાર્તાકારના કથન મુજબ આ નિર્ભીકતા ને સચ્ચાઈનું મૂળ છે એના વ્યક્તિગત ઝઘડાને તા તાળનારા, દુઃખને ગળી જનારા ટેકિલા પિતા ને સંકલ્પદ્રઢ માતા. વાલા પટેલનું પહેલું છ પ્રકરણોમાં દોરેલું રેખાચિત્ર વાર્તાનો બંધાર નક્કી કરી આપે છે. આ દુઃખને દળીને ખાઈ જવાનું સંકલ્પબળ,આ ઉજળીયાત લોકોની અડધી મશ્કરી - અરધી દયા, આ મહેનતે મરી જતાં લોકનું સાચું ગૌરવકેન્દ્ર એ છે વાર્તાનો મહિમા.

લેખક ની વાત સાચી છે. રાજુ જેવી નાતમાં એકેય ન જ હોય. રાજુ તો છે આપણા સર્જકોએ શરદચંદ્રની રાજલક્ષ્મી,અલકા,ભૈરવી, અન્નદા ને પારું ને એવાં કંઈ કંઈ મહિમાવંત નારીપાત્રોના સેવન પછી ગ્રામ ભૂમિમાં રોપેલ બીનો છોડ.એ છોડની જોડ એ ગ્રામપ્રદેશમાં ન મળે તેમાં કાંઈ કાળુનો દોષ નથી. પન્નાલાલ 'મળેલા જીવ' માં ને આમાં એ ધ્વનિને આત્મસાત કર્યો છે તેમ વાચક બોલી ઊઠશે.જીવી ને રાજુ જે બોલે છે, જે નિર્ણયો લે છે તે પોતાની આજુબાજુની પરિસ્થિતિમાંથી પોતાની રીતે લે છે.આ અગાઉથી તે લેવાનો એમનો વિચાર હોતો નથી તે તો જુદી દિશામાં જવા થનગનતા હોય છે - નવી પરિસ્થિતિ કોઠે પાડે છે તે બળવાન ને નિર્ણય માણસોને એ જ શોભે એ ગણતરીથી જ. મેલું છું ધરતી ખોળે ખેલંતો/મારી માટીનો મોંઘેરો મોર' સાડાચાર દાયકા ઉપર ૧૯૪૭માં લખાયેલી આ નવલકથાનું એક પાત્ર કથામાં આ શબ્દ બોલે છે. સર્જકતાની માટીના મોંઘેરા અને રઢિયાળા મોર સમી આ કલાકૃતિ પન્નાલાલની તો ખરી જ, ગુજરાતી લલિત વાઙ્.મયની પણ ઉત્તમ કૃતિ બની રહી છે. 'મળેલા જીવ' પ્રેમનું ઊર્મિકાવ્ય છે તો 'માનવીની ભવાઈ' કવિ ઉશનસ્‌ના શબ્દોમાં કહીએ તો 'ખેતી અને પ્રીતિ'નું મહાકાવ્ય છે. જીવનમાં ભૂખ ભૂંડી છે અને તેથીય ભૂંડી તો ભીખ છે એની ચર્ચા 'માનવીની ભવાઈ'ના અંતભાગમાં કાળુ-રાજુ વચ્ચે થાય છે. વળી હૈયાંની ભૂખની તો વાત જ જુદી છે. વાર્તાનાં નાયક-નાયિકા કાળુ અને રાજુના જીવનનાંસુખદુઃખની લીલા રજૂ કરતી અને તેની પછવાડે આખા સમાજની સંવેદનાને મૂર્તિમંત કરતી કથા માટે લેખકે ઈશાનિયા દેશનાં ધરતીજાયાંની વાત માંડી છે. પછીથી એ કથા પન્નાલાલે 'ભાંગ્યાનાં ભેરુ' અને 'ધમ્મર વલોણું' ભા-૧,૨ માં વિસ્તારી આપી છે. આમ એ સ્થૂળ અર્થમાં મહાકથા જરૂર થઈ છે, એ કળાકૃતિ બની છે કે નહિ તે જોવા આપણે 'માનવીની ભવાઈ' પૂરતું ધ્યાન કેન્દ્રિત કરીશું. સાત ખોટના દીકરા

ISBN-978-81-977089-8-5
First Edition

કાળુનો વિવાહ રાજુ સાથે બાળપણમાં જ થયેલો પરંતુ કાળુની પિતરાઈ કાકી માલીની વેરભાવના પીઠી ચોળેલા કાળુનું રાજુ સાથે લગ્ન થવા દેતી નથી. છેવટે કાળુનાં ભલી નામની એક કન્યા સાથે લગ્ન થાય છે અને રાજુ સદા બીમાર એવા ધ્યાળજીને પરણે એવો ઘાટ પંચ દ્વારા ઘડાયો છે. કાળુ અને રાજુનાં હૈયાં તો એકમેકની પ્રેમલિપિ ઓળખી વાંચી શકે છે. રાજુ કાળુની પ્રેરણામૂર્તિ છે. તે ડાહી, સમજુ અને સ્વમાની સ્ત્રી પોતાની જવાબદારી સમજે છે. વળી તે વ્યવહારકુશળ પણ છે; અને તેથી જ 'મનના મોરલા મનમાં જ રમાડવા અને એમ મનખો પૂરો કરવો' એમ વિચારીને કાળુ માટે આત્મવિલોપન સાધે છે. કાળુ પણ સશક્ત, ખેલદિલ, ઉદાર અને પરાક્રમી છે. તે લોકનાયક થવા સરજાયો છે. તેની શક્તિઓ અને હિંમતથી ધીમે ધીમે આખા પંથકમાં તે લોકોનો આદર પામે છે. ઉપરાઉપરી વર્ષાનાં રિસામણાં એ પંથકમાં ભયાનક દુકાળની આફત લાવે છે. દયાજનક સ્થિતિવાળાં ગ્રામજનોમાં ભય તેમજ ફફડાટ વ્યાપી વળ્યો છે. ચોરી અને લૂંટ-ધાડ રોજનાં બનતાં જાય છે. પશુધન પણ ખલાસ થવા માંડ્યું છે. ઢોર અને માણસ બધાં મરવા પડ્યાં છે છતાં હિંમત ન હારતાં કાળુ લોકોને હૈયાધારણ આપે છે. એક ખેડૂતપુત્ર તરીકે તે "પરથમીનો પોઠી' બનીને લોકોના સુખદુઃખમાં સાથે રહે છે. કાળુ- રાજુ પરસ્પર સ્નેહની ઉષ્માથી ટકી રહેવા મથે છે. આવી સામૂહિક આપત્તિમાં નીડર રહી, નિર્ભયતા રાખી એકબીજાનાં પ્રેરક અને મદદરૂપ થઈને રહે છે. સદાવ્રતની 'દોઢપાશેરની ખીચડી' ન લેવાનો આગ્રહ રાખનાર કાળુને જયારે રાજુ અનાજ લેવા સમજાવે છે ત્યારે કાળુનું હૈયું વલોવાઈ જાય છે. તે ખેડૂતનો દીકરો છે. તેને મન આ તો પોતાના જ અનાજની પણ આજે તો ભીખ છે. આ ભીખ તેને 'ગુમાનને અને આતમાને ય ઓગાળી નાખે તેવી' લાગે છે. ભૂખથી અશક્ત કાળુ ત્યાં ફસડાઈ પડે છે. ગભરાયા વગર રાજુ પાણી છાંટીને માંડમાંડ ભાનમાં આણે છે. રાજુની સ્નેહભરી દૃષ્ટિ અને માવજત તરફડતા કાળુને જીવાડી દે છે. જોતજોતામાં ઈશાની વાયરા છૂટે છે અને ઉજ્જડ આભલાંમાંથી અમીવર્ષા થતાં એ માનવહૈયાં નાચી ઊઠે છે. પન્નાલાલે આ નવલકથામાં દુકાળના સમયનું ગ્રામજીવનનું જીવંત આલેખન કર્યું છે. એ લોક, તેમની બોલી, તેના પહેરવેશ, તેમના રિવાજો, ખાનપાન, ઉત્સવો, વટ, ઇર્ષ્યા, ભલાઈ. વેરવૃત્તિ બધું જ અહીં એના સ્વાભાવિક, અસલ સ્વરૂપમાં રજૂ થયાં છે. માલી જેવા પાત્રનું સર્જન તો અવિસ્મરણીય બન્યું છે. મેળા ને ખેતી, લગ્ન અને મરણ, તહેવારો ઈ. સાથે ગામલોકોના ઉલ્લાસ અને શોકના ધબકારા સંભળાય છે. જનપદની રમ્યરુદ્ર કુદરત, ડુંગરા અને વનરાઈઓ, સુક્કાં ખેતરો અને ભેંકાર કેડીઓ-સજીવપણે આલેખાયાં છે. અહીં જીવનની મંગલતા અને ભીષણતા વચ્ચે દ્વંદ્વ ખેલાય છે. કુદરત અને માનવી વચ્ચે ધમસાણ યુદ્ધ ખેલાય છે, માનવી માનવી વચ્ચે વેરની લીલા-ભવાઈ ખેલાય છે; માનવીના માંહ્યલામાં જ દ્વંદ્વ ખેલાય છે એ તો વળી જુદું જ. આ બધું પન્નાલાલની સશક્ત કલમે સુરેખ રીતે આલેખાયું છે. સાચ્ચાં ગામડાંનાં ધરતીનાં છોરુ તથા જીવનના વિશિષ્ટ ધબકારવાળી બોલી બોલતાં 'મનેખ'ની છબિ આત્મીયતાથી સભર બની રહે છે.

સમાપન: પન્નાલાલ પટેલકૃત પ્રાદેશિક નવલકથા 'માનવીની ભવાઈ'માં કાજુ, રાજુ, માલી, પરમો, રણછોડ, નાનો, નાથો, ભલી, વાલો, રૂપાં, જમના, મનોર, શંકર, મોથી, ફૂલજી, વેચાત, કાસમ, રામો, ખુશાલ, જગો, પેથો, કાશીકાકા- કેટલાંય ચરિત્રો ચિત્રિત થયાં છે ! તેમનાથી કથા 'રમલીય' બની છે

સંદર્ભગ્રંથો

૧ "પન્નાલાલપટેલની જીવન ઝરમર" – દિવ્યાભાસ્કર. ૧૧ફેબ્રુઆરી૨૦૧૦ મેળવેલ ૭ ડીસેમ્બર ૨૦૧૬

૨ પન્નાલાલપટેલ ગુજરાતી સાહિત્ય પરિષદ -મેળવેલ ૬ ડીસેમ્બર ૨૦૧૬

૩. પૃષ્ઠ 117. નલિની નટરાજન; ઇમેન્યુઅલ સંપથ નેલ્સન (1996). ભારતના વીસમી સદીના સાહિત્યની હેન્ડબુક ગ્રીનવુડ પબ્લિશિંગ ગ્રુપ.

૪. પૃષ્ઠ ૫.પન્નાલાલ નાનાલાલ પટેલ (૧૯૯૫). માનવીની ભવાઈ (અંગ્રેજી અનુવાદ). નવી દિલ્હી: સાહિત્ય અકાદમી..

૫ . પૃષ્ઠ ૮ માનવીની ભવાઈ, પન્નાલાલ પટેલ, આવૃત્તિ -૨૦૨૦ સંજીવની પ્રકાશન

૬. પૃષ્ઠ ૯ માનવીની ભવાઈ, પન્નાલાલ પટેલ, આવૃત્તિ -૨૦૨૦ સંજીવની પ્રકાશન

૭ પૃષ્ઠ ૧૦ માનવીની ભવાઈ, પન્નાલાલ પટેલ, આવૃત્તિ -૨૦૨૦ સંજીવની પ્રકાશન

૮ પૃષ્ઠ ૨૭૪ અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ આવૃત્તિ ૧૯૯૩-૯૪ આદર્શ પ્રકાશન

૯ પૃષ્ઠ ૨૭૫ અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ આવૃત્તિ ૧૯૯૩-૯૪ આદર્શ પ્રકાશન

૧૦ પૃષ્ઠ ૨૭૫ અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ આવૃત્તિ ૧૯૯૩-૯૪ આદર્શ પ્રકાશન

૧૧ "માનવીની ભવાઈના "કાળુ"ની અલવિદા ઇડરના કુકડીયાએ રતન ખોયું, શોકસભા

ISBN-978-81-977089-8-5
First Edition

પ્રકરણ-૩ મનુભાઈ પંચોલી (ઉપનામ: દર્શક) -'ઝેર તો પીધાં છે જાણી જાણી'

ગુજરાતના જાણીતા નવલકથાકાર, નાટ્યકાર, નિબંધકાર, કેળવણીકાર તથા સમાજસેવક હતા. તેમનો જન્મ ૦૨ નવેમ્બર, ૧૯૧૪ના દિને સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા મોરબી જિલ્લામાં આવેલા પંચાશીયા ગામે થયો હતો. એમના પિતાનું નામ રાજારામ પંચોળી હતું.

તેમણે તેમનું પ્રાથમિક શિક્ષણ તીથવા-લુણસર ગામમાં તથા માધ્યમિક શિક્ષણ વાંકાનેર નગરમાં લીધું હતું. તેમણે આ દરમ્યાન નવમા ધોરણમાં અભ્યાસ કરતી વખતે ઈ.સ. ૧૯૩૦ના મીઠાના કાયદાની લડતમાં ભાગ લેવા ગાંધીજીથી પ્રેરાઇને પોતાનો અભ્યાસ પડતો મૂક્યો હતો. તત્કાલીન રાષ્ટ્રીય આંદોલનથી પ્રેરાઈને અભ્યાસત્યાગ કર્યા પછી તેઓ આઝાદી મળી ત્યાં સુધી સ્વાતંત્ર્યલડતમાં સક્રિય રહ્યા હતા અને તેથી એમને જેલવાસ પણ થયો હતો.

સ્વાતંત્ર્યલડતમાં સક્રિયતા અને તેથી જેલવાસ. ૧૯૩૩માં ભાવનગરની શ્રી દક્ષિણામૂર્તિ સંસ્થામાં ગૃહપતિ તરીકે કારકિર્દીનો આરંભ. ૧૯૩૮ થી આંબલામાં ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળામાં અધ્યાપક અને ત્યારબાદ ૧૯૫૩ થી સણોસરમાં લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં અધ્યાપક. નિયામક અને મૅનેજિંગ ટ્રસ્ટી. ૧૯૪૮માં ભાવનગર રાજ્યના જવાબદાર પ્રજાતંત્રમાં શિક્ષણપ્રધાન. ૧૯૬૭ થી ૧૯૭૧ સુધી ગુજરાત વિદાનસભાના સભ્ય અને એ દરમિયાન ૧૯૭૦માં ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી. ૧૯૮૦ સુધી રાજ્ય શિક્ષણ સમિતિના સભ્ય.

૧૯૬૪માં રણજિતરામ સુવર્ણચંદ્રક. ૧૯૭૫માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર. ૧૯૮૭માં 'ઝેર તો પીધાં' ને ભારતીય જ્ઞાનપીઠનો મૂર્તિદેવી પુરસ્કાર. ૧૯૮૨માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ.

એમની બહુખ્યાત નવલકથા 'ઝેર તો પીધાં છે જાણી જાણી'- ભા. ૧, ૨, ૩ (૧૯૫૨, ૧૯૫૮, ૧૯૮૫) ઐતિહાસિક નથી, છતાં એનાં બહુવિધ પ્રતિભાશાળી પાત્રોના આંતરવિશ્વનું ઉદઘાટન, તેમનો ભાવનાત્મક વિકાસ ઐતિહાસિક ઘટનાઓના સંદર્ભે થાય છે. લેખક અહીં દૈવને-પ્રારબ્ધને મૂક્તભાવે સ્વીકારે છે, આવકારે છે, પણ મહિમા તો પુરુષાર્થનો જ કરે છે. કૃષિજીવન, સંતસંસ્કૃતિનું પુનિત-ભાવભર્યું વાતાવરણ, સંન્યસ્ત, પ્રેમ, અનુરાગ અને દામ્પત્ય, લગ્નમાં બ્રહ્મચર્ય, વૈધવ્ય, આશ્રમજીવન-એ બધાં ને ભારતીયતાથી રસીને, કંઈક આધ્યાત્મિકતાનો સ્પર્શ આપીને, ભાતીગળ રીતે કથાના પહેલા ભાગમાં રજૂ કરાયાં છે; તો પશ્ચિમનાં વિશ્વયુદ્ધોની ભૂમિકા ધરાવતા બીજા ભાગમાં યહૂદીઓ તરફના જર્મનોના વિદ્વેષપૂર્ણ અને વૈમનસ્યભર્યા વાતાવરણમાં સત્યકામને રેથન્યુ અને ક્રિશ્ચાઈન દ્વારા સહિષ્ણુતા, ક્ષમાશીલતા અને ઔદાર્યની અવધિના થતા દર્શનનું નિરૂપણ છે. પાત્રો અને પ્રસંગોના આલેખનમાં માનવજીવનના અંતસ્તલને સ્પર્શતી સર્જકપ્રતિભા અને વિશાળ જ્ઞાનનો સુભગ સંસ્પર્શ પણ અહીં છે. લેખકે અહીં મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાને ભારતવર્ષના જ નહિ, યુરોપના યુદ્ધાક્રાન્ત પ્રજાજીવનના ફલક પર આલેખી બતાવ્યાં છે. સ્થળ-કાળના સુવિશાળ પર વિહરતાં વિવિધ કોટિનાં પાત્રોના મનોસંઘર્ષોના અત્યંત હૃદયસ્પર્શી અને ઋજુ આલેખન સાથે લેખકે ત્રીજા ભાગમાં 'મધુરેણ સમાપયેત્' ની પરંપરા સ્વીકારી છે. શીંગોડાનાં કોતરોમાં

આરંભાતી કથાનો અંત પણ ત્યાં જ આવે છે. ગોવર્ધનરામની સ્પષ્ટ અસર ઝીલતી આ કૃતિમાં જીવનનું બહુપરિમાણી ચિત્ર ઊપસ્યું છે. અલબત્ત, અહીં ચિંતન ગોવર્ધનરામની હદે જતુ નથી. ક્યારેક તો ટૂંકા, માર્મિક અને સચોટ ઉદગારો દ્વારા વ્યકત થતું લેખકનું જીવનદર્શન વીજળીના એક ઝબકારાની જેમ બધું પ્રકાશિત કરી દે છે. સંવાદો, પાત્રો કે ડાયરીના માધ્યમે વ્યકત થતું ચિંતન પાત્રના હૃદયસંવેદનનો સ્પર્શ પામીને ભાવવાહી ગદ્યના સુંદર નમૂનારૂપે નીવડી આવે છે.

શ્રી મનુભાઈ પંચોલી 'નું લેખન – સર્જન નવલકથા: કબ્રસ્તાન (૧૯૩૬), કલ્યાણયાત્રા (૧૯૩૯), બંધન અને મુક્તિ (૧૯૩૯), પ્રેમ અને પૂજા (૧૯૫૦), દીપનિર્વાણ (૧૮૫૭), બંદીઘર (૧૯૪૬), ઝેર તો પીધાં છે જાણી જાણી - ૧,૨,૩, (૧૯૫૨, '૫૮, '૮૫), સૉક્રેટિસ (૧૯૭૫), કુરુક્ષેત્ર (૧૯૯૧, '૯૭).

નાટક: જલિયાંવાલા (૧૯૩૫), અઢારસો સત્તાવન (૧૯૩૫), પરિત્રાણ (૧૯૬૭), અંતિમ અધ્યાય (૧૯૮૩), ગૃહારણ્ય (૧૯૯૫)

જીવનચરિત્ર, પત્રો, વ્યાખ્યાનો : સૉક્રેટિસ (પરિચય-પુસ્તિકા, ૧૯૭૨), ત્રિવેણીતીર્થ (૧૯૫૫), ભગવાન બુદ્ધ અને તેમનો ધર્મસંદેશ (૧૯૫૬), નાનાભાઈ રેખાચિત્ર (૧૯૬૧), અપરિગ્રહ (ગાંધીજીવનપ્રસંગ, ૧૯૬૯), ટૉલ્સ્ટૉય (પરિચય-પુસ્તિકા, ૧૯૭૯), ચેતોવિસ્તારની યાત્રા (૧૯૮૭), સદ્ભિઃ સંગ (૧૯૮૯), પત્રતીર્થ (૧૯૯૦), રાજ્યનીતિમાં વ્યવહાર (૧૯૮૫)

વિવેચન: વાગીશ્વરીનાં કર્ણફૂલો (૧૯૬૩), મારી વાચનકથા (૧૯૬૯), ભેદની ભીંત્યુંને આજ મારે ભાંગવી (૧૯૭૨), મંદારમાલા (૧૯૮૫)

રાજનીતિશાસ્ત્ર, ધર્મચિંતન: બે વિચારધારા (૧૯૪૫), માંગલ્યકથાઓ (૧૯૫૬), મહાભારતનો મર્મ (૧૯૭૮), રામાયણનો મર્મ (૧૯૮૩), રાજ્યરંગ-શ્રેણી (૧૯૮૭), મધ્ય મહાભારતમ્ (૧૯૯૧), વંદના (૧૯૯૦)

ઇતિહાસ: આપણો વારસો અને વૈભવ (૧૯૫૩), ઇતિહાસકથાઓ -રોમ (૧૯૪૬), ઈતિહાસકથાઓ ગ્રીસ ૧,૨ (૧૯૪૬), ઇતિહાસ અને કેળવણી (૧૯૭૩)

શિક્ષણ અને ગાંધીવિચાર: ડેન્માર્કની લોકશાળા અને તેનો ફલિતાર્થ (૧૯૫૭), નઈ તાલીમ અને નવવિધાન (૧૯૫૭), પાયાની કેળવણી (૧૯૫૯), સર્વોદય અને શિક્ષણ (૧૯૬૩), શાંતિના પાયા (૧૯૬૩), અમૃતવલ્લી (૧૯૭૩), સ્વરાજધર્મ (૧૯૯૬)

પ્રવાસ: દેશવિદેશે (૧૯૯૩)

ISBN-978-81-977089-8-5
First Edition

ઝેર તો પીધાં જાણી જાણી વિષયપ્રવેશ અથવા ભાવનાપ્રધાન નવલકથા:

પ્રસિદ્ધ વિવેચક ડોલરરાય માંકડ 'નૈવેદ્ય' નામના પોતાના વિવેચનગ્રન્થમાં 'ઝેર તો પીધાં છે જાણી જાણી' સામાજિક નવલકથાની વિવેચના કરતાં યોગ્ય રીતે જ લખે છે : 'મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાની ભાવના ઉપર 'દર્શક' 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથા જાણે કે ગૂંથી છે.'

આ મૂલ્યાંકન, અભિશ્રાય ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે, આ નવલકથા મુખ્યત્વે ભાવનાના પાયા ઉપર રચાયેલી હોવાથી ભાવનાપ્રધાન છે. તેનાં મુખ્ય પાત્રો સત્યકામ અને રોહિણી (નાયક તથા નાયિકા) આ ભાવનાના પરિપોષણથી જ સંસારની લગભગ સર્વ પ્રતિકૂળતાઓના ઝેરને (વિષમતાઓને) હસતે મુખે, સ્વેચ્છાપૂર્વક, સ્વાભાવિક રીતે પીવાનું પસંદ કરે છે. તેના મૂળમાં જીવનની ભાવનાપ્રધાનતા એલી સ્પષ્ટપણે જોઈ, અનુભવી શકાય છે. (2) 'ઝેર તો પીધાં છે જાણી જાણી' સામાજિક નવલકથાનું વિશિષ્ટ **કથાવસ્તુ**: અનેક પાત્રોનાં ચરિત્રને પ્રત્યક્ષ યા પરોલ રીતે પડનારા ગોપાળ બાપાની અમી નજર તળે, પ્રકૃતિની ઉષ્માપૂર્ણ નૈસર્ગિક ગોદમાં, શીંગોડા નામની સૌરાષ્ટ્રની નદીને કાંઠે, નાયક સત્યકામ તથા નાયિકા રોહિણીના વ્યક્તિત્વનું ઉચિત સંસ્કાર-ઘડતર થાય છે. આ સમગ્ર જીવનપડતર સર્વિશે નહિ તો પણ અધિકાંશે તો ભાવનાપ્રધાન જ જણાય છે. કરુણ કવિતા જેવાં આ ઉભય પાત્રો છેક બાલ્યાવસ્થાથી જ નિયતિની નિર્મમતા, નિષ્ઠુરતાનો ભોગ બનતાં રહ્યાં છે. બેઉનાં લગ્ન સંપન્ન થવામાં પણ જ્યોતિષશાસ્ત્રની અમંગલકારી આગાહીઓ ખરી પડે છે.

ઝરિયામાં આવેલી મિલકતની વથોચિત વ્યવસ્થા માટે સત્યકામ થોડા દિવસ બહારગામ જાય છે, ત્યાંથી પાછા ફરવાને દિવસે જ (પૂની યુગલને આશ્રય આપવા બદલ) તેને હજારીબાગની જેલમાં જવું પડે છે. વખત જતાં, કાશીમાં શીતળાના રોગથી અંધ થયેલા સત્યકામના સમાચાર, સુપદેવ દ્વારા રોહિણીને પ્રાપ્ત થાય છે. વળી, ગોપાળ બાપાના અવસાનથી રોહિણી લગભગ નિરાધાર જેવી થઈ જાય છે. તે પછી બેરિસ્ટર વિનાયકરાવ, રોહિણીને હવાફેર કરવા માટે આબુ પર્વત ઉપર લઈ જાય છે. સમય થતાં, ભાવનાશીલ અને વિદ્વાન એવા હેમંત સાથે રોહિણીનાં લગ્ન થાય છે.

ભાવનાપ્રધાન એવો હેમંત ગ્રામોદ્ધારની પ્રવૃત્તિ માટે સક્રીય બને છે. એવા અરસામાં, સત્યકામ જીવે છે, તેવા ખબર હેમંતને મળે છે. આ પછી થોડા જ સમયમાં ગામડાના ધાડપાડુઓના હુમલામાં હેમંતનું અકાળ અવસાન થાય છે.

'ઝેર તો પીધાં જાણી જાણી' નવલકથાનો ભાગ બીજો, ડાયરી રૂપે લખાયેલો છે. નાયિકા રોહિણી નાયક સત્યકામની ડાયરીનું 'શ્રીમદ્ ભગવદ્ગીતા' પેઠે ભાવ-પારાયણ કરે છે. તે સમયે વિદેશમાં વિહરતા સત્યકામની સાથે જાણે કે રોહિણી તીવ્ર ભાવબળથી પહોંચી જાય છે ! વખત થતાં, પંડિત કેશવદાસ બનેલો વાર્તાનાયક સત્યકામ ગિરનાર પર્વત ઉપર જાય છે અને ત્યાં અચ્યુત તથા રોહિણીને આગ્રહપૂર્વક સાથે લઈ જાય છે. બંને ચર્મચક્ષુ ગુમાવ્યા છતાં, સત્યકામે દિવ્યદષ્ટિથી જાણે કે ઘણું જોયું છે ! ગિરનાર પર્વત

ISBN-978-81-977089-8-5
First Edition

ઉપર થયેલા મિલનવેળા, ભાગ બીજાને અંતે નાયક-નાયિકા ભજન ગાય છે. તેમાં એક પંક્તિ લેખકે આ પ્રમાણે ટાંકી છે: 'પ્રેમરસ પાને, તું મોરના પિચ્છધર, તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.'

કથાવસ્તુ ઉત્તરોત્તર સવિશેષ સંકુલ બનતું જાય છે. અનેકવિધ પ્રતિકૂળતાઓ વચ્ચે અને ભાગ ત્રીજા દ્વારા નવલકથા અંત પામે છે. આખી વાર્તામાં નાયક તથા નાયિકાને બાહ્યજગતન એકે અનુકૂળતા લગભગ પ્રાપ્ત થતી નથી ! કથા અને વસ્તુ બંને પરસ્પર આટલાં બધાં વિપરિત હોવા છતાં, એટલાં જ પોપક, ઉપકારક, રસપ્રદ છે, તે આ નવલકથાની સૌથી મોટી વિશેષતા છે.

નવલકથામાં અકસ્માતતત્ત્વ અથવા નિયતિનું પ્રાબલ્ય:

આ નવલકથામાં ઉપરાઉપરી અને સતત રીતે બનતા રહેતા અકસ્માતો અને નિયતિની પ્રબળતા સર્વથી વધુ, મહત્ત્વપૂર્ણ પ્રભાવક નીવડે છે. નવલકથા આ કારણોથી ઉત્તરોત્તર અધિક કરુણરસપ્રધાન કૃતિ બનતી જાય છે. અંતે કૃતિ તેના શીર્ષકને ખરે જ સાર્થક કરે છે.

અકસ્માતની તો આ વાર્તામાં વણઝાર છે ! હેમંતને સર્પદંશ થવો, તે અકસ્માત 5 રોહિણીએ તત્કાલ તેનું ઝેર ચૂસવું અને જોગાનુજોગ હેમંતનું બચી જવું, તે પણ અકસ્માત જ છે. નરસિંહ મહેતાની ભવિષ્યવાણી નખશિખ સાચી ઠરવી, તે પણ એક અર્થમાં અકસ્માત ગણાયો છે. ઝરિયાથી દેશમાં વખતસર પાછો કરવા માટે નીકળેલો નાયક સત્યકામ નાસર-મુર્હુત સચવાય તે રીતે, આવી શકતો નથી અને ઊલટો જેલવાસ ભોગવવા વિવશ તપ છે, તે પણ અકસ્માત જ છે. જેલમાંથી છૂટતાં કાશીમાં જવું, તે પણ અણધાર્યું હોવાથી અકસ્માત જ છે. ત્યાં ગયા પછી એકાએક શીતળા નીકળવા, બંને આંખો ગુમાવવી, તે પણ અણધાર્યો અકસ્માત જ છે. તે જ પ્રમાણે આ બાજુ વતનમાં (દેશમાં) રોહિણીનું વૈધવ્યને પ્રાપ્ત થવું તે પણ અકસ્માત જ છે. વળી, વિદેશ ગયેલો અચ્યુત, રોહિણીને પત્રમાં લખે છે, : 'કહો ભાભી, વિયાતા કેવો સૂત્રધાર છે !' આ પ્રમાણે વાર્તામાં સતત અકસ્માતોની જાણે કે, વણઝાર ચાલે છે ! નિયતિ બંને નાયક-નાયિકાને ડગલે અને પગલે પ્રતિકૂળ સંજોગોમાં મૂકીને શું પ્રાપ્ત કરવા ઈચ્છતી હશે ! નવલકથાનું ચાલકબળ જાણે કે, મુખ્યત્વે અકસ્માત તત્ત્વ અથવા નિયતિ-પ્રાબલ્ય જ જણાય છે.

નવલકથાની કલાત્મક પાત્રસૃષ્ટિ:

વાર્તાની નાયિકા રોહિણી તો જાણે કે, ત્યાગ તથા સહનશીલતાની મૂર્તિ જ જોઈ લો! જાણી-બુઝીને, સામે ચાલીને, સ્વેચ્છાએ જીવનમાં સર્વ ઝેર પીવાનું રોહિણીના પ્રારબ્ધમાં કાયમ માટે લખાયેલું છે જાણે! હકીકત છે કે, રોહિણી, જયદેવની પદ્મા જેવી પ્રેમાળ તથા ગૌવર્ધનરામની કુમુદ જેવી દુખિયારી છે. તેનું બાહ્યવર્ણન નવલકથાકારે આ પ્રમાણે કર્યું છે : 'તેની હીરા સમી આંખો, દાડમની કળી શા દાંત, ભારો વાળ, ગુલાબની ગાદલી - સમી હથેલીઓ...'

આ રોહિણી હેમંતને સર્પદંશથી ચડેલું ઝેર ઉતારે છે. અચ્યુતને વિદેશ ભણાવવા માટે મોકલે છે. રોહિણીના પારસમણિ શા સ્પર્શથી, સાંન્નિધ્યથી બેરિસ્ટરનું વ્યક્તિગત જીવન પણ નોંધપાત્ર સુધારણા પામે

છે. રોહિણી હૈયે તથા હોઠે ઐક્ય રાખનારી, પ્રેમાળ, વર્તનમાં સ્પષ્ટ તથા સત્યપ્રિય એવી આધુનિક ગુજરાતણ છે.

સત્યકામ અંધત્વ પામ્યા પછી પંડિત કેશવદાસ બને છે. સુરગ જેવા ભારાડીને નદીમાં, રાત્રે ધોલ મારનાર જવામર્દ, રોહિણીના રોમરોમનો ચાહક, ઝિંદાદિલ માનવી, પરિસ્થિતિનો વિચાર કરી વિવેકપૂર્વક જીવનાર, યથાર્થ અર્થમાં સત્ય-કામ છે.

ગોપાળબાપા તો જાણે જનકરાજા - જનકવિદેહીનું નાનકડું રૂપ જોઈ લો ! ગોપાળ બાપા હાજરજવાબી, આનંદી, મહેનતુ, ભક્તહૃદયી, નિસર્ગ - પ્રકૃતિપ્રેમી, સર્વજીવ-સમભાવી, વ્યવહારદક્ષ, આતિથ્યભાવનાવાળા, દયાળુ તથા નીતિવાન છે.

હેમંત ક્ષણિક ચમકતો સિતારો છે. હાઈડલબર્ગ યુનિવર્સિટીનો પી.એચડી., વિદ્વાન, મમતાપૂર્ણ, આદર્શવાદી તથા પ્રમાણમાં ભાવનાપ્રધાન, ધીર, વીર તથા કવિ સ્વભાવનો યુવાન છે. તેની ઉદારતા નોંધપાત્ર છે. સેવાપરાયણ વૃત્તિનો હેમંત 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથાનું મૂલ્યવાન પાત્ર છે. જ્યારે નાનકડો અચ્યુત તેજસ્વી અને સ્વદેશવત્સલ યુવાન છે.સમગ્ર પાત્રસૃષ્ટિ પ્રમાણમાં જીવંત, પ્રભાવક, વૈવિધ્યપૂર્ણ અને રસપ્રદ છે.

મનુભાઈ પંચોલીની નવલકથા ઝેર તો પીધાં છે જાણી જાણી ચાર પ્રકરણોમાં વહેચાઈ છે. 'ગોપાળબાપા', 'રોહિણી', 'અચ્યુત' અને ' સત્યકામ

નવલકથાનો આરંભ પ્રકૃતિના વર્ણનથી થાય છે. શિંગોડો આમ તો નાની નદી છે.પણ ચોમાસામાં ગાંડીતુર બની બંને કાંઠા છલી નાખે છે. ઠૂંઠા જેવો અંબો વસંતમાં લાકડું ફાડીને કોળી ઉઠે તેના જેવુ આશ્ચર્યકારક એ પાતાળપેટી નદીનું એ વખતે રૂપ હોય છે...(૧)

પૃષ્ઠ -૧ ઝેર તો પીધાં જાણી જાણી -૧ મનુભાઈ પંચોલી. 'દર્શક ' આર.આર. શેઠની કંપની -૨૦૦૧

આરંભે ગોપાળ બાપાનું સમર્પિત અને નિર્ભય વ્યક્તિત્વ પ્રગટ થાય છે. કોતર લખી આપવાના બદલામાં અપૂજ રહેતા જીર્ણ શિવાલયની પૂજાનો બંદોબસ્ત કરવાનું કહેતા સયાજીરાવને આ મૂરતિયુને રહેવાની જગા નથી મળતી ત્યાં વળી પાણી ની મૂરતિયું ક્યાં પધરાવવી! પૃષ્ઠ-૩

આવો ઉત્તર આપતા ગોપાલદાસ એક લસરકે પ્રગટ થઈ ઉઠ્યા છે.

ગોપાળબાપાની વાડીમાંથી શરૂ થયેલી સત્યકામ અને રોહિણીની સ્નેહકથા સમગ્ર વિશ્વની પરિક્રમા કરીને બાપાની વાડીમાં સત્યકામ અને રોહિણીની પુનર્મિલનની કથા બનીને ત્રણ ભાગમાં વિસ્તરેલી 'ઝેર તો પીધાં છે જાણી જાણી' દર્શકની ઘણી લોકપ્રિય નીવડેલી નવલકથા છે. શીંગોડા નદીની રસાળ જમીન અને ત્યાંની જમીનમાં ગોપાળબાપાએ ઊભી કરેલી આંબા, ચીકુડી, બોર, જામફળી ઈ. ફળોની વાડીમાં એક વખત તુલસીશ્યામની યાત્રાએ જવા નીકળેલું એક બૅરિસ્ટર કુટુંબ થોડાક સમય માટે રોકાય છે ત્યાં બેરિસ્ટરના પુત્ર હેમંતને વાડીમાં સાપ કરડે છે તેનું ઝેર રોહિણી નામની એક કન્યા મોંથી ચૂસી ચૂસીને ઉતારે છે, ત્યાંથી કથા શરૂ થાય છે અને પછી એ ઘટના જાણે રૂપક બનીને રોહિણીના જીવનમાં જડાઈ

ISBN-978-81-977089-8-5
First Edition

જાય છે. સંસારનાં વેરઝેર ચૂસીને શાંતિ અને કરુણા ફકત કુટુંબ, ગામ કે દેશમાં જ નહિ પણ વિશ્વ આખામાં ફેલાય તેની ઝંખના કરતાં સત્યકામ અને રોહિણી આ નવલકથાનાં મુખ્ય પાત્રો છે. અહીં ગરીબી એ દુઃખનું કારણ નથી, અન્યને સુખી કરવા જાતે વેઠી લેવું, સામાના હૃદયને ભાવનાનો સ્પર્શ આપી માનસપરિવર્તન કરવું એવા ઉમદા વિચારો અને આચરણ કરતાં પાત્રોની તપસ્યા કેવી મહોરી ઊઠી છે તે લેખકને દર્શાવવું છે. તે માટે સમયના અને સ્થળનાવિશાળ પટ પર કથાને મૂકી છે. ગોપાળદાસ અને સયાજીરાવ ગાયકવાડ, બૅરિસ્ટર અને હેમંત, સત્યકામ અને રોહિણી, અચ્યુત અને રેખા અને મર્સી, રેથેન્યુ અને ક્રિશ્વાઇન, અમલા અને શાન્તિમતિ, ભગત દામાકાકા અને સુરગ વગેરે ભાતીગળ પાત્રસૃષ્ટિ નવલકથાને અજબ રીતે ભરી દે છે, 'ઝેર તો પીધાં છે જાણી જાણી'માં શરૂઆતમાં જાણે કે, ગાંધીયુગની આબોહવામાં અને પછી તો સમગ્ર વૈશ્વિક સંદર્ભમાં ત્યાગ, સેવા, સમર્પણ, પ્રેમ, અહિંસા ઈ. ભાવનાઓ આખીયે કથાને વ્યાપક પરિમાણ આપે છે. આ કથાનો પટ યુદ્ધકાલીન યુરોપના વાતાવરણ અને બીજા વિશ્વયુદ્ધની રણભૂમિ બનેલા યુરોપની યુદ્ધગ્રસ્ત પરિસ્થિતિનું ચિત્ર આલેખતો હોઈ આંતરરાષ્ટ્રીય ફલક ઉપર વિસ્તરે છે. જીવંત પાત્રો, રસસભર પ્રસંગો, ભાવનામય વાતાવરણ, ચિત્રાત્મક વર્ણનરીતિ, કાવ્યમય છતાં પ્રૌઢિયુક્ત ગદ્ય રુચિર ભાષાપ્રવાહને લીધે પ્રસ્તુત નવલકથા ઉન્નત મંગલમય જીવનદર્શનને તાકે છે અને તે એના સર્જક દર્શકની આગવી સિદ્ધિ બની રહે છે. ગુજરાતી સાહિત્યની એ એક યાદગાર નવલકથા બની રહે છે. અખિલ ભારત કક્ષાએ ભારતીય જ્ઞાનપીઠ તરફથી આ કૃતિને મૂર્તિદેવી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી છે.

આ લક્ષ્મીવાળાના અંધાપાનોય પાર નથી. માળું! લક્ષ્મી નો હોય તેયે દખ છે, (ને હોય તેયે દખ છે." (પૃ.૨૯, 'ઝેર તો પીધાં છે-૧) વાડીમાં રોહિણી, સર્પદંશમાંથી હેમંતનો બચાવ અને ગોપાળબાપાની જીવનરીતિ જોઈને બૅરિસ્ટર વિનાયકરાવનું વ્યક્તિત્વ એક નવા પરિમાણ માટે તૈયાર થવા લાગે છે.રોહિણી લક્ષ્મી વિનાના માણસને વરે, પણ માણસ વિનાની લક્ષ્મીને નહિ વરે... બાકી તો હરિ—ઇચ્છા બળવાન છે.'ગોપાળબાપા અને બેરિસ્ટર વચ્ચેની ચર્ચા, બે સામસામેના અભિગમ, (2)પમાં જ એક પગથિયું વધુ ઊંચા બતાવ્યા છે.

દર્શકે બીજા પ્રકરણને રોહિણી એવું નામ આપ્યું છે.સયાજીરાવની સ્વચ્છ છબીના સંદર્ભે ગોપાળબાપાનું સમર્પિત વ્યક્તિત્વ જેટલું નિર્ભય એટલું જ વત્સલ ભાસે છે. કોતર લખી આપવાના બદલામાં અપૂજ રહેતા જીર્ણ શિવાલયની પૂજાનો બંદોબસ્ત કરવાનું કહેતા સયાજીરાવને 'આ મૂરતિયુંને રહેવાની જગા નથી મળતી ત્યાં વળી પાણાની મૂરતિયું ક્યાં પધરાવવી?' એવો ઉત્તર આપતા ગોપાળદાસ એક લસરકે પ્રગટ થઈ ઊઠ્યા છે. આ માનવસેવા રૂપે હરિનામનો વેપાર શીખવનાર ગુરુ માંડણ ભગત તે એક કોળી હતા.

આ ચપટી ધૂળ એ ગોપાળબાપાને મળેલો એ પેલો સદીઓ પુરાણો વારસો છે. દર્શક કૃતિના આરંભે એને વાડી રૂપે પ્રત્યક્ષ કરી આપ્યો છે?

ISBN-978-81-977089-8-5
First Edition

"આજે એ કોતરોમાં ગોરડ ને બાવળની ઝાડીની જગાએ આંબા, ચીકુડી અને ફણસની ઘટાઓ છે; રોઠ કુહાડી વતી ગોરડનું જંગલ કાપતા હતા અને છોકરો ટીંબરું પર ચડીને નીચે ઊભેલી છોકરીના માથામાં ટીંબરું મારતો હતો. બેરિસ્ટર એમના કુટુંબ સાથે તુલસીશ્યામની યાત્રાએ જતાં વાડીમાં રોકાય છે તે પ્રસંગે રોહિણીને મંદિરના ગર્ભગૃહમાં ગાઈ રહેલી બતાવી છે. એના બાહ્ય રૂપને એ વિગતો સાથે વર્ણવે છે. "આંતર ગર્ભગૃહમાં જાણે વીણા વાગી રહી હતી. જોયું તો એક ચૌદેક વર્ષની કન્યા શંકરને જલાભિષેક કરતી સ્તોત્ર ગાતી હતી. હાથમાં બંગડીની જગ્યાએ ફૂલનાં કંકણ પહેર્યા હતાં, કાનની બુટ્ટીમાં સુંદર પીળાં ફૂલ નાંખ્યાં હતાં, કપાળમાં કેસર-ચંદનની પિષળ તાવી હતી. હાથમાં ઘસી ઘસીને ઊજળો કરેલો લોટો પકડી અભિષેક કરતાં ગાઈ રહી હતી."

થોડા દિવસના સુખને માટે થઈને, તને કે મને શાશ્વત દુઃખસાગરમાં ધકેલવા જેટલો અંધકામી હું નથી." અહીં લેખકે નિયતિ અને પુરુષાર્થ બંનેનું એકસાથે સમર્થન કરતી દલીલો સત્યકામને આપી છે. આપણે ફટકિયાં મોતી નથી કે ઘણના ઘાથી ફૂટી જઈએ, વગેરે ઉક્તિઓ પણ અનુકૂળ છે. પરંતુ સવિશેષ આસ્વાદ્ય તો છે યુવા હૃદયના અધૂરા મનસૂબાઓના આ મુગ્ધ ઉદ્ગાર :

"હામ તો છે કે પાછો એક દિવસ આવીશ: તું એ વખતે નાહીને ભીને વાળે કપડાં સૂકવતી હોઈશ. એકબે વાછરડાં તારી આજુબાજુ ફરતાં હશે. આપણી બોરસલીની ઘટામાં ચકલીઓ, પોપટ ખેલતાં હશે. તારી સાથે માથું ઘસવા આવતી વાછરડીને તું હસીને થોભી જવા કહેતી હોઈશ. એ હાસ્યને નીચે પડતું અટકાવી, ઝીલી લેવા હું આવીશ. આવીશ, પણ સંભવ છે કે ન પણ આવું.

અહીં રોહિણી અને સત્યકામના અભિગમમાં જે તફાવત આવ્યો છે એ રોહિણીને વધુ નક્કર ભૂમિકાએ બેઠેલી સૂચવે છે.સત્યકામ જોખમ ખેડવા રાજી નથી. એને વિયોગ કરતાં એકલતા વધુ દુઃખકર લાગે છે.

નવલકથાની લાક્ષણિક ગદ્યશૈલી અને સમાપન : 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથાની ગદ્યશૈલી જેટલી લાક્ષણિક છે, તેટલી જ ઘડાયેલી છે. તે નવલકથાનાં વિવિધ વર્ણનો, સંવાદો, ચિંતન, ચરિત્ર ચિત્રણ, વાતાવરણ, ચિત્રાત્મકતા, અલંકાર વૈભવ, કલ્પનાપ્રચૂરતા,—આ સર્વ ગદ્યશૈલીની લાક્ષણિકતાને લીધે ઉત્તમ રીતે અભિવ્યક્ત થયું છે. નવલકથાની ગદ્યશૈલીમાં શિષ્ટતા છે, તળપદાપણું છે, સરળતા છે, રસિકતા છે, ચિંતનશીલતાની છાંટ છે. ગદ્ય એકંદરે સચોટ, પ્રમાણમાં સંક્ષિપ્ત, પ્રભાવક, આસ્વાદ્ય તથા મોહક છે. ઘણીવાર લેખક કવિતામય ગદ્ય પ્રયોજી શક્યા છે ! ગદ્યની આ છટા તેનો ખાસ નોંધપાત્ર ગુણ છે. આ સિવાય પણ વિવિધ રૂઢિપ્રયોગો, કહેવતો, સૂત્રાત્મક વાકયો વગેરેથી ગદ્યશૈલી લાક્ષણિક તથા સામથ્યવાન બની છે.

સંદર્ભગ્રંથો :-

૧. ગુજરતી ભાષાનો વિશ્વકોશ –દર્શક પંચોળી મનુભાઈ રાજારામ, ૯.૦૯ દરિયાઈ ભૂસ્તરશાસ્ત્રી દવે જનક

૨. પુષ્ઠ ૧૮૩ ‘ઝેરતો પીધા છે જાણી જાણી’- પ્રશ્નસંપુટ ‘કૌતિલ્ય’ આર.જમનાદાસ કંપની પ્રકાશક,આવૃત્તિ ૨૦૦૪-૫

૩. પુષ્ઠ ૧૮૪ ‘ઝેરતો પીધા છે જાણી જાણી’- પ્રશ્નસંપુટ ‘કૌતિલ્ય’ આર.જમનાદાસ કંપની પ્રકાશક,આવૃત્તિ ૨૦૦૪-૫

૪. પુષ્ઠ ૧૮૫ ‘ઝેરતો પીધા છે જાણી જાણી’- પ્રશ્નસંપુટ ‘કૌતિલ્ય’ આર.જમનાદાસ કંપની પ્રકાશક,આવૃત્તિ ૨૦૦૪-૫

૫. પુષ્ઠ ૧૮૬ ‘ઝેરતો પીધા છે જાણી જાણી’- પ્રશ્નસંપુટ ‘કૌતિલ્ય’ આર.જમનાદાસ કંપની પ્રકાશક,આવૃત્તિ ૨૦૦૪-૫

૬. ઝેર તો પીધા છે જાણી જાણી- મનુભાઈ પંચોલી આર.આર.શેઠની કામની પ્રકાશક

૭. પુષ્ઠ ૨૬૭ અર્વાચીન સાહિત્યનો ઈતિહાસ, ડો.રમેશ ત્રિવેદી –આદર્શ પ્રકાશન,આવૃત્તિ ૧૯૯૩-૯૪

૮. પુષ્ઠ ૨૬૮ અર્વાચીન સાહિત્યનો ઈતિહાસ, ડો.રમેશ ત્રિવેદી –આદર્શ પ્રકાશન,આવૃત્તિ ૧૯૯૩-૯૪

૯. દર્શક અધ્યયનગ્રંથ –રઘુવીરચોધરી ,પ્રકાશ.એન.શાહ પ્રકાશન-આવૃત્તિ .૧૯૮૪

ISBN-978-81-977089-8-5
First Edition

પ્રકરણ-૪ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી -'સરસ્વતીચંદ્ર'

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી ગુજરાતી લેખક, નવલકથાકાર, કવિ, વિવેચક અને સાહિત્યિક ઇતિહાસકાર હતા.તેમનો જન્મ ખેડા જિલ્લાના નડિયાદના ધર્મપ્રિય બ્રાહ્મણ માધવરામ ત્રિપાઠીને ત્યાં થયો હતો. પિતા અત્યંત ધાર્મિક વૃત્તિના અને દિલના બહુ ભોળા. જ્યારે માતા શિવકાશી રગેરગ વ્યવહારુ. પિતાની ધર્મનિષ્ઠા અને માતા ની વ્યવહારુતા - બન્ને ગોવર્ધનરામ વારસામાં મળ્યા હતા. દાદાના સમયથી ઘરમાં રહેતા મુનિ મહારાજ પાસે વીતેલા બાળપણ અને ઘરના ધાર્મિક વાતાવરણથી ચિત્ત પર પડેલો વૈષ્ણવધર્મ ને વેદાંતવિચારનો પ્રભાવ, કિશોરાવસ્થાથી વાચનનો અતિ શોખ, કાકા મનઃસુખરામ સાથેનો સહવાસ વગેરે એ ગોવર્ધનરામને ધાર્મિક, વિદ્યાવ્યાસંગી અને આર્યસંસ્કૃતિ પ્રત્યે અનુરાગી બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.

ગોવર્ધનરામ નું પ્રાથમિક શિક્ષણ મુંબઈ ની બુદ્ધિવર્ધક શાળા માં થયો હતો. પછી અંગ્રેજી ત્રણ ધોરણ નડીઆદ માં અને ચોથા ધોરણથી મુંબઇ ની એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલ માં કર્યો. ઈ.સ. ૧૮૭૧ માં મેટ્રિક અને બી.એ. થયા. કૉલેજના અભ્યાસ દરમિયાન કાવ્યરચના કરવાનો અને લેખો લખવાનો પ્રારંભ થઈ ગયેલો. પ્રારંભના વર્ષોમાં ગુજરાતી કવિતા કરતાં સંસ્કૃત કવિતા રચવા તરફ વિશેષ રુચિ હતી તે સંસ્કૃતમાં એમણે કરેલા ગિરનારવર્ણન પરથી તેમ જ કાલિદાસના 'મેઘદૂત' ના અનુકરણમાં શરૂ કરેલું 'મનોદૂત' કે પ્રથમ પત્ની હરિલક્ષ્મીના અવસાનથી જન્મેલા શોકથી ૧૮૭૫ માં રચાયેલું 'હૃદયરુદિતશતક' એ કાવ્યો પરથી જોઈ શકાય છે. એ સિવાય ૧૮૭૩ ના વર્ષમાં અંગ્રેજીમાં લખાયેલા 'ઈઝ ધેર એની ક્રિયેટર ઑવ ધ યુનિવર્સ ?', 'ધ સ્ટેટ ઑવ હિંદુ સોસાયટી ઈન ધ બોમ્બે પ્રેસિડન્સી' કે એવા અન્ય લેખો એમની વ્યાપક વિષયોને ઊંડાણ માં લેવાની મનોવૃત્તિના સૂચક છે. પરંતુ આ પ્રારંભિક લેખોમાં એમના જીવન-વિચારને સમજવામાં ખૂબ ઉપયોગી, ૧૮૭૭માં લખાયેલો 'એ રુડ આઉટલાઈન ઑવ ધ જનરલ ફિચર્સ ઑવ એસેટિઝમ ઈન માય સેન્સ ઑવ ધ વર્ડ' લેખ છે. સંસારત્યાગમાં નહીં, સંસારસેવા અર્થે જીવન સમર્પિત કરવું એ જ સાચો સંન્યાસ એવી પ્રવૃત્તિમય સંન્યાસની ભાવના એમણે એ લેખમાં રજૂ કરી છે. કૉલેજના અભ્યાસકાળ દરમિયાન એમણે જીવન જીવવા માટે ત્રણ સંકલ્પ કર્યા,

૧. એલ.એલ.બી. થઈ મુંબઈ માં વકીલાત કરવી,

૨. ક્યારેય નોકરી કરવી નહિ,

૩. ચાળિસમે વર્ષે નિવૃત્તિ લઈને શેષજીવન સાહિત્ય અને સમાજની સેવામાં સમર્પિત કરવું.

અભ્યાસમાં તેમનો પહેલો-બીજો નંબર આવતો નહી, કારણ કે તેમનુ ધ્યાન પાઠ્યપુસ્તકો કરતાં બહારના સામાન્ય પુસ્તકો વાંચવામાં વિશેષ પ્રવૃત્ત હતું. કૉલેજકાળ દરમિયાન તેમણે સાહિત્ય તથા કવિતાનો આમૂલ અભ્યાસ આદર્યો.

સંસ્કૃત માટે પણ એમનો શોખ વધતો ગયો. ઇતિહાસના વિષય ઉપર પણ તેમની ખાસ પ્રીતિ હતી. કૉલેજકાળથી જ કાવ્યરચના કરવાનો અને લેખો લખવાનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. શરૂઆતમાં તેઓ ગુજરાતી કવિતાં કરતા સંસ્કુત કવિતા રચવા તરફ વિશેષ રુચિ ધરાવતા હતા. વ્યાપક વિષયોમાં-ઊંડાણમાં જવાની તેમની જન્મજાત વૃત્તિ હતી.

ઈ.સ.૧૮૮૩ના અંત ભાગ માં તેમણે ભાવનગર છોડ્યુ ત્યારે દિવાનસાહેબે તેમને રૂ.૨૫૦/- ના પગાર થી ભાવનગરના ન્યાયખાતામાં રાખવાની ઈચ્છા બતાવી. આ ઉપરાંત જૂનાગઢના દીવાનસાહેબે રૂ.૩૦૦/- ની નોકરીની ઑફર કરી, પરંતુ હવે ગોવરધનરામને લાગ્યું કે પોતે સેવેલા સ્વપ્ન અને સિદ્ધાંતો પાળવાનો સમય આવી ગયો છે. એટલે નોકરી છોડીને સ્વતંત્ર વકીલાત કરવાનો દ્રઢ નિશ્ચય કર્યો. ભાવનગર થી માત્ર પચાસ રૂપિયાની મૂડી સાથે મુંબઈ આવીને વકીલાત શરૂ કરી. વકીલાત સરસ ચાલવા માંડી. ઈ.સ.૧૮૮૪ થી ઈ.સ.૧૮૮૭ સુધીમાં તેમણે પોતાના પિતાનું દેવું એકલે હાથે વાળી દીધું. ૪૦ વર્ષની વયે નિવૃત્ત થયા બાદ બાકીના જીવનમાં શું વાંચવું , શું લખવું , શાનો અભ્યાસ કરવો, વિવિધ પ્રવૃત્તિઓને કેટલું સ્થાન આપવું છે તેનો વિચાર તેમણે ઈ.સ. ૧૮૮૫ સુધીમાં કરી લીધો હતો. તે જ વર્ષથી તેમણે નિયમિત પોતાની રોજનીશી લખવા માંડી હતી.

સરસ્વતીચંદ્ર ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની બૃહત્કાય નવલકથા છે. આશરે અઢારસો પૃષ્ઠમાં વિસ્તરેલી આ કથાને ‘પુરાણ’, ‘પંડિતયુગનું મહાકાવ્ય’, ‘મહાનવલ’ વગેરે રૂપે ઓળખાવવામાં આવી છે. ગાંધીજી પૂર્વે ગુજરાતના શિક્ષિત સમાજ પર ઊંડો પ્રભાવ આ નવલકથાએ પાડ્યો એનું કારણ આ કૃતિમાં વ્યક્ત થયેલું જીવનવિષયક ઊંડું વ્યાપક ચિંતન તથા એ ચિંતનને કળારૂપ આપનારી સર્જકપ્રતિભા છે. ગૃહ, રાજ્ય ને ધર્મ વિશેના પોતાના વિચારો પ્રજાના બહોળા વર્ગ સુધી પહોંચી શકે એ હેતુથી પોતે નિબંધને બદલે નવલકથાનો આશ્રય લીધો એવું લેખકે સ્પષ્ટ સ્વીકાર્યું છે, તો પણ એમની સર્જક તરીકેની ઊંચી શક્તિ ઘટનાસંયોજન, પાત્રનિરૂપણ ને ભાષામાં પ્રગટ થઈ છે. સંઘર્ષના તત્વથી પહેલા બે ભાગ કથાની દ્રષ્ટિએ વધારે રસિક બન્યા છે. પાછલા બે ભાગ માં સંઘર્ષ વિશેષત:વૈચારિક ભૂમિકાએ રહેતો હોઈ નવલકથા નિબંધાત્મક બની જાય છે.

સરસ્વતીચંદ્ર –ભા. ૧,૨,૩,૪ (૧૮૮૭,૧૮૯૨,૧૮૯૮,૧૯૦૧): ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની બૃહત્કાય નવલકથા. આશરે અઢારસો પૃષ્ઠમાં વિસ્તરેલી આ કથાને ‘પુરાણ’, ‘પંડિતયુગનું મહાકાવ્ય’, ‘મહાનવલ’ વગેરે રૂપે ઓળખાવવામાં આવી છે. ગાંધીજી પૂર્વે ગુજરાતના શિક્ષિત સમાજ પર ઊંડો પ્રભાવ આ નવલકથાએ પાડ્યો એનું કારણ આ કૃતિમાં વ્યક્ત થયેલું જીવનવિષયક ઊંડું વ્યાપક ચિંતન તથા એ ચિંતનને કળારૂપ આપનારી સર્જકપ્રતિભા છે. પ્રાચીન પૂર્વ, અર્વાચીન પૂર્વ ને અર્વાચીન પશ્ચિમ-એ ત્રણ સંસ્કૃતિઓનાં સંગમકાળે ઊભેલા ભારતીય પ્રજાજીવનનાં ધર્મ, રાજ્ય અને ગૃહ વિશેના પોતાના વિચારો પ્રજા સમક્ષ મૂકવાનો ઉચ્ચાશય કૃતિના સર્જન વખતે સર્જકના મનમાં હતો; ને તેથી નવલકથાનું વસ્તુ અનેકકેન્દ્રી નિરૂપણવાળું બન્યું છે.

ISBN-978-81-977089-8-5
First Edition

બધી કથાઓ સાથે ઓછેવત્તે અંશે સંબંધિત અને ચારે ભાગમાં સેરરૂપે વહેતી કથા સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરીના પ્રણયની છે. મુંબઈના ધનવાન વેપારી લક્ષ્મીનંદનનો યુનિવર્સિટીની કેળવણી પામેલો, વિદ્યાવ્યાસંગી, વૈરાગ્યવૃત્તિવાળો અને ગુણવાન પુત્ર સરસ્વતીચંદ્ર અપરમા ગુમાનની કાનભંભેરણીથી પિતાએ કહેલાં કટુ વચનો અને કરેલા આક્ષેપોથી આવેશમાં આવી પિતાની સંપત્તિનો તથા પોતાની વાગ્દત્તા અને રત્નનગરીના અમાત્યની પુત્રી કુમુદસુંદરીનો ત્યાગ કરી ઘર છોડી ચાલ્યો જાય છે એ આ પ્રણયકથાનો ધરીરૂપ પ્રસંગ છે. સરસ્વતીચંદ્રના ગૃહત્યાગથી કુમુદસુંદરીનાં લગ્ન સુવર્ણપુરના અમાત્ય બુદ્ધિધનના અલ્પશિક્ષિત અને દુરાચારી પુત્ર પ્રમાદધન સાથે થાય છે. વિદ્યાચતુરના ઘરમાં મળેલાં કેળવણી ને સંસ્કારને લીધે વિધારસિક કુમુદસુંદરી મનોમન પ્રમાદધન અને સરસ્વતીચંદ્રની સરખામણી કરતી શ્વસુરગૃહે વ્યથિત રહે છે. પતિવ્રતા ધર્મ પ્રમાણે સરસ્વતીચંદ્રને ભૂલવા યત્ન કરે છે, પણ ભૂલી નથી શકતી. ગૃહત્યાગ કરીને નીકળેલા પણ કુમુદનું મન જાણવા તેને મળવાની અપેક્ષાએ રત્નનગરી જવા નીકળેલો સરસ્વતીચંદ્ર સમુદ્રના તોફાનને લીધે વહાણ સુવર્ણપુરના આરે આવી પહોંચતાં, અમાત્ય બુદ્ધિધન સાથેના પરિચયમાં પોતાનાં જ્ઞાન અને શીલથી બુદ્ધિધનને આકર્ષે છે અને નવીનચંદ્ર નામ ધારણ કરી અમાત્યના ઘરમાં એક વિશ્વાસપાત્ર સ્વજન બની રહે છે. બુદ્ધિધન તેને રાજ્યમાં સારી નોકરી આપવાની વાત કરે છે, પરંતુ કંઈક બુદ્ધિધનના ઘરમાં કુમુદની દુઃખી હાલત જોઈ વ્યથિત બનેલો, કંઈક અનુભવાર્થી બનવાની ઈચ્છાથી, તો કંઈક કુમુદની લાગણી સમજીને દૂર થવા સારુ તે સુવર્ણપુર છોડી જાય છે. જંગલમાં બહારવટિયાઓને હાથે એનું ઘાયલ થવું અને સુંદરગિરિ પર્વત પરના વિષ્ણુદાસ તથા તેમના સાધુઓની અનુકંપાએ મઠમાં જવું; તો બીજી તરફ પિયર જવા નીકળેલી કુમુદસુંદરીનું એ જ જંગલમાં બહારવટિયાઓના ડરથી કે સ્વેચ્છાએ કે પગ લપસવાથી સુભદ્રા નદીમાં પડી તણાવું અને સંગમતટે ચંદ્રાવલી મૈયાની સહાયથી ઊગરી એના આશ્રમમાં મધુરીમૈયા નામે રહેવું અને પછી હૃદયસાંત્વન અર્થે સુંદરગિરિ પર્વત પર જતાં, ત્યાં સરસ્વતીચંદ્રનો પુનર્મેળાપ થવો; તો ત્રીજી તરફ પ્રમાદધનનું અપમૃત્યુ થવું-એ આ પ્રણયકથાની બીજી મહત્વની ઘટનાઓ છે.

સુંદરગિરિના સાધુઓ દ્વારા વિધવા કુમુદ અને સરસ્વતીચંદ્રનાં લગ્ન માટેના પ્રયત્નરૂપે વિષ્ણુદાસના આદેશથી બંનેને સૌમનસ્ય ગુફામાં પંચરાત્રિનો એકાંતવાસ આપવામાં આવે છે; પરંતુ લૌકિક દ્રષ્ટિએ બધી બાજુથી વિચારતાં સરસ્વતીચંદ્ર કુમુદની નાની બહેન કુસુમ સાથે લગ્ન કરે છે અને કલ્યાણગ્રામની પોતાની યોજના સાકાર કરવા તે સંસારમાં પાછો ફરે છે.

વસ્તુતઃ આ નવલકથા પ્રણયકથા નિમિત્તે સંસ્કૃતિકથા છે; તેથી ચારે ભાગમાં લેખકે પ્રણયકથાની સાથે અન્ય કથાઓ પણ ગૂંથી છે અને તદર્થે એમનાં જુદાં જુદાં લક્ષ્ય રહ્યાં છે. પ્રથમ ભાગમાં સુવર્ણપુરમાં બુદ્ધિધન અને શઠરાય વચ્ચે ચાલતી સત્તાની સ્પર્ધા, એ સ્પર્ધામાં બુદ્ધિધનનો શઠરાય પર-સદનો અસદ પર-વિજય આલેખી લેખકે તત્કાલીન દેશી રાજ્યોમાંનાં ખટપટ અને કુટિલતાનું વાસ્તવિક ચિત્ર ઉપસાવ્યું છે; બીજા ભાગમાં સહિષ્ણુ અને ત્યાગશીલા ગુણસુંદરીની કુટુંબકથા નિમિત્તે સંયુક્ત કુટુંબનાં વિવિધ પાસાં

ISBN-978-81-977089-8-5
First Edition

ઊંડળમાં લીધાં છે; ત્રીજા ભાગમાં રત્નનગરીના મલ્લરાજ-મણિરાજની કથા નિમિત્તે આદર્શ દેશીરાજ્યનું ચિત્ર ઉપસાવ્યું છે; તો ચોથા ભાગમાં વિષ્ણુદાસ સાધુ અને ચંદ્રાવલી મૈયાના મઠનાં સાધુ-સાધ્વીઓની કથા દ્વારા મનુષ્યના આધ્યાત્મિક જીવનના પ્રશ્નો ચર્ચ્યા છે. ચારે ભાગમાં વિજાતીય આકર્ષણમાંથી જન્મતાં મધુર તેમ જ વિકૃત રૂપોની જે ભાત લેખકે ઊભી કરી છે તે એમની અનુભવનાં વિવિધ પરિમાણોને તાગવાની શક્તિની પરિચાયક છે.

સરસ્વતીચંદ્ર

ગોવર્ધનરામના સાક્ષરજીવનની સિદ્ધિરૂપ ગ્રંથ 'સરસ્વતીચંદ્ર'નો પહેલો ભાગ ૧૮૮૭૬ા પ્રગટ થયો. બીજો ભાગ ૧૮૯૨માં, ત્રીજો ભાગ ૧૮૯૮માં અને છેલ્લો ચોથો ભાગ ૧૯૦૧માં પ્રગટ થયો. આમ આ મહાનવલ ૧૫ વરસમાં કટકે કટકે પ્રગટ થઈ ૧૮૮૭માં ગોવર્ધનરામ એનો પહેલો ભાગ લઈ આવે છે એ ગુજરાતી સાહિત્યની જ નહિ. પણ ભારતીય સાહિત્યની અસાધારણ ઘટના છે. ગુજરાતીમાં ગદ્ય જ પૂરું વિકસ્યું ન હતું એ પરિસ્થિતિમાં ગદ્યના વિવિધ આરોહઅવરોહ પ્રગટ કરતી અ નવલકથા એ યોગ્ય રીતે જ ગુજરાતીનો ગૌરવગ્રંથ લેખાય છે.

ઈશ્વરલીલાનું સદર્થે ચિત્ર આપવા લખાયેલી આ નવલકથામાંથી શાસ્ત્રીય દેશોદ્ધારકોને કાંઈ સૂચના મળશે એવો આશય તેમણે રાખ્યો છે. આપણો પ્રાચીન સાંસ્કૃતિક વારસો, વર્તમાન પરિસ્થિતિ અને પશ્ચિમ એ ત્રિવેણી સંગમના સમયમાં ભારતીયતાની ખોજ એ ગોવર્ધનરામનો મુખ્ય પ્રશ્ન છે. ગોવર્ધનરામે પશ્ચિમની બુદ્ધિપુત વિજ્ઞાનદષ્ટિ અને સબળ કર્મયોગનિ સાથે આપણી અધ્યાત્મ-પરંપરાનો સમન્વય કરી એક વિશિષ્ટ જીવનદર્શન આ મહાનવલમાં આપ્યું છે. ગોવર્ધનરામ જીવનદ્રષ્ટા છે તો જીવનસ્ત્રષ્ટા પણ છે. લગભગ અઢી હજાર પૃષ્ઠોમાં પથરાયેલી આ પ્રણયકથામાં એક આગવી સભર જીવંત સૃષ્ટિ તેઓ સર્જી શક્યા છે.

સરસ્વતીચંદ્રના પહેલા ભાગમાં કર્તાએ બુદ્ધિધનના કારભારનું ચિત્ર આપ્યું છે, બીજા ભાગમાં ગુણસુંદરીનું કુટુંબજાળ વર્ણવ્યું છે, ત્રીજા ભાગમાં રત્નનગરીના રાજ્યતંત્રનો ચિતાર આપ્યો છે અને છેલ્લા ચોથા ભાગમાં સરસ્વતીનું મનોરાજ્ય સાલખી પૂર્ણાહુતિ કરી છે. એ રીતે સામાજિક, રાજકીય અને ધાર્મિક પ્રશ્નોની વીગતવાર ચર્ચા પ્રસ્તુત બની છે.

નાયક સરસ્વતીચંદ્ર સુવર્ણપુર જાય છે અને કથાની નાયિકા કુમુદને મળે છે ત્યાંથી કથા શરૂ થાય છે. કુમુદ પ્રમાદધનની પત્ની હતી એટલે પ્રમાદધનના પિતા બુદ્ધિધન અને એ જે રાજ્યના અમાત્ય હતા તે સુવર્ણપુરની રાજ્યખટપટોનું બયાન - પહેલા ભાગમાં આપ્યું છે. પહેલા ભાગના અંતમાં કુમુદ પોતાને પિયર આવવા નીકળે છે એટલે બીજા ભાગમાં આવે છે કુમુદની માતા ગુણસુંદરીનું ‘કુટુંબજાળ' – કુમુદનાં માતાપિતા વિદ્યાચતુર-ગુણસુંદરીની કથા. કુમુદના પિતા વિદ્યાચતુર રત્નનગરીના પ્રધાન છે એટલે ત્રીજા ભાગમાં રત્નનગરીના રાજ્યતંત્રનો ચિતાર આપ્યો. બીજા ભાગના અંતમાં કુમુદ તણાયાની વાત છે તો તે ક્યાં ગઈ અને બહારવટિયાના પંજામાંથી છૂટીને - સરસ્વતીચંદ્ર ક્યાં ગયો એ જાણવાની વાચકને સહજ

જિજ્ઞાસા થાય. ચોથા ભાગમાં વિષ્ણુદાસના મઠમાં કર્તા નાયકનાયિકાને ભેગાં કરે છે. આ પ્રમાણે ચારે ભાગમાં અનેક ઉપકથાવસ્તુ સુઘટ્ટ પોત ધારણ કરે છે.

નાયક સરસ્વતીચંદ્ર અને નાયિકા કુમુદના ચિત્રણમાં ગોવર્ધનરામનો પ્રશ્ન સ્થૂળ- સૂક્ષ્મ પ્રીતિસંબંધથી જોડાયેલાં આ પાત્રોની પ્રીતિનું શોધન કરી પ્રેમની એક વિશિષ્ટ ભૂમિકા ઉપર તેમને મૂકવાં એ છે.વ્યક્તિનિષ્ઠ પ્રેમને ગોવર્ધનરામ સમષ્ટિપ્રેમમાં ઓગળી જતો બતાવે છે. પ્રતિનું શોધન અને ભારતીયતાની શોધ બન્ને સમાન્તર નિરૂપાયાં છે.

'સરસ્વતીચંદ્ર' જેવી મહાનવલમાં અનેકાનેક પ્રસંગો, ઘટનાઓ અને તેથી મોટી સંખ્યામાં પાત્રો આવે તે સ્વાભાવિક છે. નવલકથાની આખી સૃષ્ટિ અલબત્ત કલ્પનાની સૃષ્ટિ છે, પણ વસ્તુ અને પાત્રોમાં સમકાલીન જીવનની છાયાઓ ઊતરે એ સ્વાભાવિક છે.

સરસ્વતીચંદ્ર'નાં પાત્રો સામાન્યતઃ વ્યક્તિચિત્રો (individuals) છે, જાતિચિત્રો (types) નથી.

સંભવતઃ વ્યાસના દુર્યોધન, દુઃશાસન જેવાં ગુણદર્શક નામોને અનુસરી લેખકે દુષ્ટરાય, શઠરાય, બુદ્ધિધન, વિદ્યાચતુર આદિ નામો યોજ્યાં છે પણ તેથી તે સદગુણ કે દુર્ગણ ઢાળીને કરેલાં જાતિચિત્રો નથી. (જેમ વ્યાસમાં પણ નથી).

કોઈ પણ નવલકથાકારની નજર એક હાલતી—ચાલતી સજીવ સૃષ્ટિનું નિર્માણ કરવા ઉપર હોય છે. ‘સરસ્વતીચંદ્ર’માં જે મુખ્ય પાત્રો છે એની અસર વાચકહૃદય ઉપર થાય જ છે. આપણી રોજ-બ-રોજની જીવનસૃષ્ટિ કરતાં એ પાત્રો આપણને વધારે વાસ્તવિક જણાયાં છે. સરસ્વતીચંદ્ર કે કુમુદ, કુસુમ કે ગુણસુંદરી, ચંદ્રકાન્ત કે તરંગશંકર કોઈને આપણે ભૂલી શકતા નથી. આ પાત્રો વિશે લેખક રજેરજ જાણે છે. એથી જ તો એ પાત્રોને સજીવ કરી શક્યા છે. પાત્રો નિરૂપતી વખતે વાસ્તવદર્શન અને ભાવનામયતા એ બન્ને વસ્તુઓ ઉપર ગોવર્ધનરામની એકસરખી પકડ છે.

ગોવર્ધનરામ પાત્રોનો જીવનસંઘર્ષ બે રીતે નિરૂપે છે (૧) આંતરવૃત્તિ-સંઘર્ષ અને (૨) બાહ્યવૃત્તિ-સંઘર્ષ. આ બન્ને સંઘર્ષોને ધારદાર બનાવનાર ત્રીજો સંઘર્ષ એમાં ભતેલ ઉમેરાય છે. તે છે તત્કાલીન હિન્દુ સમાજનો સંસ્કૃતિસંઘર્ષ. બાહ્ય પરિસ્થિતિસંઘર્ષ નાકે ત્રાંસ્કતિક સંઘર્ષના અંશો રૂપે પ્રગટ થાય છે પણ એમ સમજવાનું નથી કે આને વિરહને લીધે એમનાં પાત્રો તત્કાલીન હિન્દુ સમાજની માત્ર પ્રતિકૃતિઓ જ બને છે. બુદ્ધિધન, વિદ્યાચતુર કે સરસ્વતીચંદ્ર અર્વાચીન પાશ્ચાત્ય કેળવણીની અસરની નીપજરૂપ હોવા હેય છતાંય તેવાં પાત્રો સનાતનતાની મુદ્રાથી અંકિત થયેલાં છે. સરસ્વતીચંદ્ર એની આજ બે સુધીની આગળ તરી આવતી નિષ્કર્મણ્યતાને કારણે 'હેમ્લેટ' જેવા એક સનાતન -રે વ્યક્તિત્વની યાદ નથી આપતો શું? બુદ્ધિધન અને વિદ્યાચતુરના કેટલાક અંશો તાત્ત્વિક રીતે હરકોઈ જમાનાનાં પાત્રોને લાગુ પડે એમ જોઈ શકાય. સનાતનતાથી અંકિત થયેલાં પાત્રોમાં મોખરે જોવા મળે છે ગોવર્ધનરામનાં સ્ત્રીપાત્રો, કુમુદ, ગુણસુંદરી, ચંદ્રાવલ, કુસુમ, અલકિકશોરી, સૌભાગ્યદેવી – એટલાં ચિરંજીવ પાત્રો આપવાં એ જ ગોવર્ધનરામની સર્જકશક્તિનો પુરાવો નથી શું? આનંદશંકરે યોગ્ય કહ્યું છે કે ‘ગોવર્ધનરામની ઉજ્જવળ

કીર્તિ તો સરસ્વતીચંદ્ર ઉપર જ ધ્વજાની માફક ફરક્યા કરશે, અને તેમાં પણ તેમનાં સ્ત્રીપાત્રો ઉપર... ગોવર્ધનરામની કુમુદ શેક્સપિયર અને ડેન્ટીનાં ઉત્તમ સ્ત્રીપાત્રો સાથે જરા પણ અતિપ્રશંસા વિના મૂકી શકાય એમ છે.

આપણા ગૃહસંસારના પ્રશ્નોને ગોવર્ધનરામે સામર્થ્યપૂર્વક ચર્ચા છે. લક્ષ્મીનંદનનું કુટુંબ, બુદ્ધિધનનું કુટુંબ, વિદ્યાચતુરનું કુટુંબ આદિ કુટુંબોમાં આપણા સંસારનાં વાસ્તવિક ચિત્રો તેમણે રજૂ કર્યાં છે. તત્કાલીન સમાજસ્થિતિનું તે વાસ્તવરંગી ચિત્રણ આપે છે. અને કુટુંબપ્રશ્નોમાં સંવાદિતા સાધવા તરફ તેમની વિચારણા મળે છે. ગોવર્ધનરામની આ વિષયની વિચારણાની ઝીણી ચર્ચા ઉત્તમલાલ ત્રિવેદીએ કરી છે.

આપણાં ગૃહ કુટુંબ રાજ્ય અને ધર્મનાં અધમ અને સમુત્ક્રાન્ત સ્વરૂપો તેમણે આલેખ્યાં છે. પહેલા ભાગમાં બુદ્ધિધનનો રાજકારભાર વર્ણવતાં દેશી રજવાડાંની ખટપટોનું પ્રાકૃત ચિત્ર તેમણે આપ્યું છે ત્રીજા ભાગમાં આરંભેલું એનું સમુત્ક્રાન્ત સ્વરૂપ ચોથા ભાગમાં મલ્લમહાભવનનું રૂપક આલેખી પૂરું કર્યું છે એ રીતે ધર્મનાં પણ બાહ્ય અને ઉચ્ચોચ્ચ ભાવનામય સ્વરૂપો તેમણે આપ્યાં છે.

ગોવર્ધનરામની ગદ્યશૈલી એ અભ્યાસનો એક સ્વતંત્ર વિષય બની શકે, ગોવર્ધનરામમાં જન્મસિદ્ધ કથાકારની શક્તિ છે એની પ્રતીતિ તો 'સરસ્વતીચંદ્ર'ના પહેલા પ્રકરણની જ થાય છે. તેમની કથા કહેવાની નિસર્ગદત્ત શક્તિનો પરચો નવલકથામાં પદેપદે મળે છે. 'સરસ્વતીચન્દ્ર'ના ચૌથા ભાગમાં આવતું પત્રોનું પોટકું અને પહેલા ભાગમાં સરસ્વતીચન્દ્રના અને બીજા ભાગમાં ગુણસુંદરીના પત્રો જોતાં ગોવર્ધનરામની ગદ્યશૈલીમાં અલંકારપ્રચુરતાની સાથે કેવી સરલતાવેધકતા છે એનો પરિચય થાય છે. એમાં ટૂંકાં, વિશદ અને પહેલદાર વાક્યો મળે છે. એકંદરે ગોવર્ધનરામ Periods- મહાવાક્યોના સમર્થ લેખક છે. એમની શૈલી ઉપર બાણ અને બર્કની અસર જોઈ શકાય છે. ગોવર્ધનરામને ગદ્યલયની સૂક્ષ્મ સૂઝ છે. વિવિધ છટાઓવાળી તેમની ગદ્યશૈલી ઉદ્બોધનોમાં રાચતી, ગૌરવાન્વિત અને પ્રવાહી છે. પ્રૌઢયુક્ત ગદ્યના નમૂના ‘સરસ્વતીચન્દ્ર'માં ઠેર ઠેર મળે છે. એક તરફ તત્સમ શબ્દોનું બાહુલ્ય છે. તો બીજી તરફ ઓછા જાણીતા અને ઘરગથ્થુ શબ્દો પણ તે છૂટથી યોજે છે. બોલચાલની ભાષાભંગિઓ, કહેવતો-રૂઢિપ્રયોગો, જરૂરિયાત પ્રમાણે અંગ્રેજી શબ્દોના ગુજરાતી પર્યાયો પણ તેમના ગદ્યની એક લાક્ષણિકતા બનીને આવે છે. તેમની શૈલી એકંદરે પ્રતિરૂપોમાં રાચે છે.

વિજયરાય વૈદ્ય એને પ્રેમકથા નિમિત્તે સંસ્કૃતિકથા' કહી એમાં પૂરું ઔચિત્ય છે. આપણા પ્રાચીન ભારતીય,અર્વાચીન ભારતીય અને અર્વાચીન યુરોપીય સંસ્કૃતિ–પ્રવાહને ગોવર્ધનરામે આ ગ્રંથમાં રજૂ કર્યો છે, તેમ છતાં એ સાંસ્કૃતિક કથાંશ, સાંસ્કૃતિક ઇતિહાસ કે સાંસ્કૃતિક ચિંતનરૂપે નહીં પણ એક કળાકૃતિના રુધિર હાડમાંસ રૂપે એને યોજીને કર્તાએ રજૂ કર્યો છે. માટે જ ‘સરસ્વતીચન્દ્ર’ આપણી ભાષાની મહાનવલ છે એ સાથે જ ગૌરવગ્રંથ છે, પ્રશિષ્ટ કૃતિ છે.

'સરસ્વતીચંદ્ર'નું પ્રકાશન એ ગુજરાતી સાહિત્યજગતમાં એક અપૂર્વ ઘટના છે એમ કહી શકાય. પોતાના જમાનાના પ્રશ્નોનેસમગ્રતાથી જોઈપચાવીને સ્વસ્થ રીતે લોકો આગળ મૂકવા, જિજ્ઞાસારસને દ્રવતો

ISBN-978-81-977089-8-5
First Edition

કરી મિષ્ટ વાર્તા ભેગો ઉપદેશ પાઈ દેવો' એવી નિખાલસકેફિયતએ ગ્રંથના પહેલા ભાગમાં મૂકી ગોવર્ધનરામે સર્જક અને સંસ્કૃતિ ચિંતક તરીકે પોતાનું અગ્રસ્થાન અધિકારપૂર્વક સ્થાપ્યું છે."ઈશ્વરલીલાનું સદર્થે ચિત્ર આપવા' ઉત્સુકઆસર્જકેચારભાગમાંજેવાર્તાતંતુ પાથર્યો છે તેસંકુલછે; માટેજ પ્રત્યેકભાગને આનવલકથાનું એક ઉપ-શીર્ષક પ્રાપ્ત થયું છેઃ 'બુધ્ધિધનનો કારભાર', 'ગુણસુંદરીનું કુટુંબજાળ', 'રત્નનગરીનું રાજયતંત્ર' તથા 'સરસ્વતીનું મનોરાજ્ય અને પૂર્ણાહુતિ'.

આ મહાનવલની કથા આ પ્રકારની છેઃ ગર્ભશ્રીમંત કુટુંબમાં લક્ષ્મીનંદન શેઠને ત્યાં જન્મેલો સરસ્વતીચંદ્રલક્ષ્મી અને સરસ્વતીનો સમન્વય કરી શક્યો હતો. ગુણસંપન્ન સરસ્વતીચંદ્રે વિદ્યામાં એમ.એ. અને એલ.એલ.બી.ની ડિગ્રીઓ મેળવી વકીલાત કરવી શરૂ કરી હતી. તેવામાં રત્નનગરીના પ્રધાન વિદ્યાચતુરની મોટી પુત્રી કુમુદસુંદરી સાથે એની સગાઈ નક્કી થઈ. જન્મથી થોડીક વિરાગી પ્રકૃતિવાળા સરસ્વતીચંદ્રના અંતરમાં કુમુદસુંદરી સરી સ્નેહાળ વાગ્દત્તાને લીધે ભાવનાના કોમળતંતુ ગુથાય છે. પરંતુ અપરમાતા અને પિતાનાં કઠોર વચનોથી દુભાયેલો તે ગૃહત્યાગ કરે છે અને પોતે કુમુદનેસુખી કરી શકશે નહિ એવા ખ્યાલે કુમુદને પણ 'પોતાને ભૂલી જવા' પત્ર લખી સાઁઈ તોડી નાખે છે. જગતના આ બધા ખટમીઠા - અટપટા રંગો નિહાળવા અને અનુભવાર્થી થવા નીકળી પડેલોતેનવીનચંદ્રનામ ધારણ કરી સુવર્ણપુર આવી પહોંચે છે. કારભારી બુધ્ધિધનનાપુત્ર પ્રમાદધન સાથે પરણીને હવે સાસરે અહીં આવેલી કુમુદસુંદરીના 'મનના કજોડા'વાળા દામ્પત્યજીવનને જોતાં ઊર્મિશીલ સરસ્વતીચંદ્રનું દિલ દુખાય છે અને પોતે કેટલો બધો અન્યાય અજાણતાં જ કુમુદસુંદરી પ્રત્યે કરી બેઠો છે તે એનેસમજાયછે.રાજ્યકારભારની સ્થૂળ ખટપટો અને કાવાદાવામાં જીવતા લોકો તથા લગ્નજીવનની સ્થૂળતા અને પ્રેમના અભાવના વાતાવરણમાં દુ:ખી થતી રિબાતી કુમુદસુંદરીની પીડા તેનાથી જોઈ ન જતાં કુમુદના સૂચનથી જ તે સુવર્ણપુર છોડી ફરીથી ભાવિની અજ્ઞાતયાત્રા શરૂ કરે છે. સરસ્વતીચંદ્રને વાટમાં બહારવટિયા ઘાયલ કરી બેભાન અવસ્થામાં જંગલમાં નાખી ચાલ્યા જાય છે. અહીં એને અર્થદાસ જેવા ક્ષુદ્ર માનવજંતુઓનો પણ અનુભવ થાય છે. પરંતુ પરમપિતાની જગતની યોજનામાં એનું વલણ કરુણાસભર રહે છે. જંગલમાંથી પસાર થતા સાધુઓની મંડળી એને સુંદરગિરિના મઠમાં લઈ જાય છે. બીજીબાજુ ભદ્રેશ્વર જતાં દાદા માનચતુરના પ્રતાપે બહારવટિયાના પંજામાંથી બચેલી, પતિના વર્તનથી આઘાત અનુભવતી કુમુદ કોઈક કારણસર સુભદ્રાનદીમાં પડી જતાં તણાવા લાગે છે.એને નદી અને સાગરના સંગમસ્થાન સમા સુંદરગિરિની સાધ્વી ચંદ્રાવલીમૈયા ઉગારી લે છે. સરસ્વતીચંદ્રે તો ગૃહત્યાગ વખતે જ નવીનચંદ્ર નામ ધારણ કરી લીધું હતું. કુમુદસુંદરીનું અહીં મધુરી મૈયા એવું નામ પડેછે. કુમુદને તેના પતિપ્રમાદધનના અપમૃત્યુના સમાચાર મળે છે. બીજી બાજુ સુંદરગિરિ ઉપર દૈવયોગે ભેગાં થયેલાં નવીનચંદ્ર અને મધુરીમૈયા હૃદયની અનેક ગાંઠો છોડતાં છોડતાં સ્થૂળ પ્રેમમાંથી સૂક્ષ્મપ્રેમની ભૂમિકાએ આવીને ઊભાં રહેછે.સાધુલોક આબંનેના મિલનથી સંતોષ અનુભવે છે. વળી, બનેને રાષ્ટ્રોધ્ધાર કરવા કલ્યાણગ્રામની સ્થાપના કરવા અંગેના સમાન વિચારનાં સ્વપ્ર આવે છે. એ પ્રસંગે કુમુદ અને સરસ્વતીચંદ્રના પુનર્મિલનની બધી શક્યતા હતી

ISBN-978-81-977089-8-5
First Edition

પરંતુ ગોવર્ધનરામે એમના જમાનાને ધ્યાનમાં રાખી કુમુદ સાથે વિધવાલગ્ન કરાવવાને બદલે કુમુદના જ સૂચનથીનિર્મળ પ્રીતિવાળા સરસ્વતીચંદ્રને પોતાની નાની બહેન કુસુમસુંદરી સાથે લગ્નથી જોડાવાનું ગોઠવ્યું છે. આમ ચાર ભાગમાં પથરાયેલી આ મહાકાયકૃતિમાં સ્નેહકથાના તંતુ સાથે સમાજ, રાજય,ધર્મ,સંસ્કૃતિબધાનાતાણાવાણા ગૂંથ્યાછે,અને નવલકથાને એક નવું પરિમાણ આપ્યું છે.

વિજયરાય વૈદ્ય યોગ્ય જ કહે છે કે "સરસ્વતીચંદ્ર' એ પ્રેમકથા નિમિત્તે સંસ્કૃતિની કથા છે. એના પ્રથમ ભાગમાં નાનકડી સ્નેહકથા, બીજા ભાગમાં કુટુંબકથા-ધસંસાર, ત્રીજા ભાગમાં રાજખટપટની પ્રપંચકથા અને ચોથા ભાગમાં સાધુજનોના પંચમહાયજ્ઞ, મહાભારતનો આધુનિક સમયસંદર્ભમાં પુનર્વિચાર તથા લોકકલ્યાણની ભાવના વગેરની સંસ્કૃતિકથા ગૂંથ્યાં છે. પોતાના જમાનાના પ્રાણપ્રશ્નો અને પૂર્વ-પશ્ચિમની જીવનરીતિની સૂક્ષ્મ છણાવટ કરતી વખતે ગોવર્ધનરામે સર્જકનું તાટસ્થ્ય અને તાદાત્મ્ય બંને દાખવ્યાં છે. પૂરાં ચૌદ વર્ષ એ કથાની પાછળ માવજત કરીને લેખકે આ નવલકથા લખી છે. એને વિદ્વાનોએ 'પંડિતયુગનું મહાકાવ્ય', 'પ્રેમકથા નિમિત્તે સંસ્કૃતિકથા', 'પુરાણ', 'જગતકાદંબરીઓમાંની એક', 'આકરગ્રંથ' ઇ. શબ્દો વડે મૂલવી છે. એના જમાનામાં ખૂબ લોકપ્રિય બનેલી અને આજે પણ સંતર્પક વાચન પૂરૂં પાડતી આ નવલકથા 'સરસ્વતીચંદ્ર' ગોવર્ધનરામનું ગુજરાતી સાહિત્યને મૂલ્યવાન પ્રદાન છે. 'સરસ્વતીચંદ્ર' નવલકથાએ ગુજરાતી સાહિત્ય અને સમાજ ઉપર ઊંડી અને ચિરકાળ સુધી ટકી રહે તેવી મુદ્રા ઉપસાવી છે.

ISBN-978-81-977089-8-5
First Edition

સંદર્ભગ્રંથો

૧. સલિલ ત્રિપાઠી (૩૦ માર્ચ ૨૦૧૩). "સરસ્વતીચંદ્ર-પ્રેમ કથા નથી." livemint.com. મેળવેલ ૧૪ નવેમ્બર ૨૦૧૩.

૨. "ગુજરાતના મુખ્યમંત્રીએ શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીની પોસ્ટલ સ્ટેમ્પ બહાર પાડી". દેશગુજરાત. ૨૭ એપ્રિલ ૨૦૧૬. મેળવેલ ૧૭ મે ૨૦૧૭.

૩. ફિલામિરર (૨૭ એપ્રિલ ૨૦૧૬). "ગુજરાતી લેખક ગોવર્ધનરામ ત્રિપાઠી પર સ્ટેમ્પ બહાર પાડવામાં આવેલ". ફિલા-મિરર. મેળવેલ ૧૭ મે ૨૦૧૭.

૪. "આર્કાઇવ ક. પિ". મૂળમાંથી 2016-05-01 પર સંગ્રહિત. વેલ 2017-05-17.

૫. પુષ્ઠ ૬૮ અર્વાચીન સાહિત્યનો ઈતિહાસ, ડો.રમેશ ત્રિવેદી –આદર્શ પ્રકાશન,આવૃત્તિ ૧૯૯૩-૯૪

૬. પુષ્ઠ ૬૯ અર્વાચીન સાહિત્યનો ઈતિહાસ, ડો.રમેશ ત્રિવેદી –આદર્શ પ્રકાશન,આવૃત્તિ ૧૯૯૩-૯૪

૭. પુષ્ઠ ૭૦ અર્વાચીન સાહિત્યનો ઈતિહાસ, ડો.રમેશ ત્રિવેદી –આદર્શ પ્રકાશન,આવૃત્તિ ૧૯૯૩-૯૪

૮. જોષી, સુરેશ (૧૯૭૨). નવલકથા વિશે. કથોપકથન.

૯. ટોપીવાળ, ચન્દ્રકાન્ત, સંપાદક (૧૯૯૬). "સરસ્વતીચંદ્ર". ગુજરાતી સાહિત્યકોશ. અમદાવાદ: ગુજરાતી સાહિત્ય પરિષદ. પૃષ્ઠ ૧૫૬.

૧૦. જોષી, રમણલાલ (૨૦૧૭). સોની, રમણ (સંપાદક). ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ. ખંડ 3 (4th આવૃત્તિ). અમદાવાદ: ગુજરાતી સાહિત્ય પરિષદ.

ISBN-978-81-977089-8-5
First Edition

પ્રકરણ-૫ કનૈયાલાલ મુનશી -પૃથિવીવલ્લભ

મુનશીની સાહિત્યપ્રવૃત્તિનો પ્રારંભ પંડિતયુગ અને ગાંધીયુગના સન્ધિકાળે. એટલે તેમની પૂર્વે પાંડિત્ય, પ્રશિષ્ટતા અને ગંભીર જીવનપરામર્શક તત્ત્વાન્વેષી અભિગમનું જેમાં પ્રાધાન્ય એવો ગોવર્ધનયુગ. મુનશીની પ્રવૃત્તિનો પ્રસાર સમગ્ર ગાંધીયુગ દરમ્યાન —અને તે પછીય જેમાં સર્વતીર્થ ગાંધીગંગોત્રીમાંથી પ્રવહમાન વહેણો અને વલણો જ તત્કાલીન સાહિત્યનાં પ્રમુખ પ્રેરક—વિધાયક પરિબળો. આમ મુનશીને બે પ્રચંડ પ્રભાવમૂર્તિઓ વચ્ચે પ્રકાશવાનું હતું.

મુનશીનો જન્મ ૩૦-૧૨-૧૮૮૭ના દિવસે ભરૂચમાં, મુનશીને ટેકરે, બાપીકા ઘરમાં. મોટા ઘરની જૂની જાહોજલાલી ઓસરવા લાગી છે પણ ઘરનાં જૂનાં હાંડીઝુમ્મરની જેમ હજી મુનશીઓના મિજાજમાં ને કડકડતાં અંગરખાંમાં કુળગૌરવ ટકી રહ્યું છે ત્યારે મુનશીનો જન્મ. એ ભૃગુકુલગૌરવના અને વૈષ્ણવની સ્મૃતિઓ તથા મિજાજના વારસદાર છે. પિતા માણેકલાલ નરભેરામ મુનશી. અમદાવાદની કલેક્ટર ઓફિસમાં કારકુનની નોકરીથી શરૂ કરી ક્રમેક્રમે આપબાહોશીથી મામલતદાર વગેરે હોદ્દાઓનાં પગથિયાં ચઢી સુરત—ભરૂચના ડેપ્યુટી કલેક્ટર થનાર 'રાવ બહાદુર' માણેકલાલ બહાદુર, કર્મઠ અને સ્વતંત્ર સ્વભાવના તેમ જ રસિકજન. કનૈયાલાલ તેમના ચાર દીકરીએ એકમાત્ર પુત્ર. કનુભાઈ હજી વડોદરા કૉલેજમાં પ્રારંભિક વર્ષમાં જ હતા ત્યારે જ ૧૯૦૩માં પિતા માણેકલાલનું હૃદયરોગથી અવસાન. આમ સોળેક વર્ષની વયે જ કનૈયાલાલ પિતાનું છત્ર ગુમાવે છે. પણ માતાની દીર્ઘજીવી પ્રેમાળ છત્રછાયા તેમના જીવનની ઘણી તડકીછાંયડીમાં આધાર બની રહે છે. માતા તાપીબા જીજીમા તરીકે જાણીતાં. પ્રભાવશાળી, પ્રેમાળ, વ્યવહારકુશળ; હિસાબ રાખે, નોંધપોથી રાખે, પદ્યો પણ રચે. વહીવટદક્ષ ને સંસ્કારી કનૈયાલાલના વિયક્તિત્વમાં માતાપિતાના સ્વભાવ-સંસ્કારનો વારસો ઊતર્યો છે.

તત્કાલીન રિવાજ મુજબ, કુટુંબના મોભા પ્રમાણે સવેળા ઈ.સ. ૧૯૦૦માં અતિલક્ષ્મી સાથેના લગ્નસમયે કનુભાઈની ઉંમર વર્ષ ૧૩ અને અતિલક્ષ્મીની ઉંમર વર્ષ ૯, જે ‘દેખાવે પાંચ વર્ષની લાગતી' એમ મુનશી નોંધે છે.

ઈશ્વર, દેશભક્તિ, રાષ્ટ્રોન્નતિ, વ.ના વિચારો સાથે, ધર્મચુસ્તતા અને સુધારાના વિચારોની સંઘર્ષાત્મક મથામણની આ અવસ્થા છે.ગ્રેજ્યુએટ કનૈયાલાલ હવે (૧૯૦૭-૮) નસીબ અજમાવવા મુંબઈની ધરતી પર ઊતરે છે. કઠોર વાસ્તવિકતાનો સાક્ષાત્કાર શરૂ થાય છે. મુનશી મુંબઈની ચાલીમાં ઘરસંસાર શરૂ કરે છે અને પાઈ પાઈની ગણતરીથી ઘર ચલાવતાં, એલએલ.બી.નો અભ્યાસ શરૂ કરે છે.૧૯૦૭થી ૧૯૧૫ સુધીનો ગાળો મુનશીના જીવનની ભારે મથામણનો ગાળો છે. બીજા પ્રયત્ને ૧૯૧૩માં ઍડ્વોકેટ થઈ ધંધામાં સ્થિર થાય છે

સાહીત્યક્ષેત્રે શુભારંભ

મુનશીનો એ ‘સીધાં ચઢાણ’નો જીવનકાળ તેમની સાહિત્યપ્રવૃત્તિની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનો છે. ૧૯૧૨માં 'મારી કમલા' એ વાર્તા ‘સ્ત્રીબોધ'માં 'ઘનશ્યામ વ્યાસ'ને નામે પ્રગટ થાય છે. આ પ્રથમ પ્રયાસે

જ નરસિંહરાવ જેવા દુરારાધ્ય વિવેચકના આશીર્વાદ સાથે 'ઘનશ્યામ વ્યાસ' – મુનશીના સાહિત્ય-કારકિર્દીનો પ્રારંભ થાય છે.તે સાથે જ મુનશીની પ્રતિભાને પોતાનો માર્ગ મળી જાય છે, અને ૧૯૧૨-૧૩માં 'મારી કમલા' અને 'વેરની વસૂલાત'થી આરંભાઈને, ૧૯૭૧માં મુનશીના અવસાનથી અપૂર્ણ રહેલ મહાકથા 'કૃષ્ણાવતાર' પર્યન્તનાં લગભગ ૫૮-૫૯ વર્ષો પર્યન્ત વિસ્તરેલી મુનશીની સાહિત્યિક કારકિર્દી ગુજરાતી સાહિત્યનું એક સમૃદ્ધ અને યશસ્વી પ્રકરણ બની રહે છે.

વેરની વસૂલાત'ની સફળતા મુનશીને માટે ઉત્સાહક નીવડે છે. ૧૯૧૩માં 'વેરની વસૂલાત' પ્રગટ થયા પછી ઝડપભેર એક પછી એક કૃતિઓ પ્રગટયે જ જાય છે. 'કોનો વાંક?', પછી 'પાટણની પ્રભુતા'થી આરંભાઈ 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ'માં વિસ્તરેલી સોલંકી-નવલત્રયી તો મુનશીને કીર્તિની ટોચે પહોંચાડે છે. આ દરમ્યાન જ પ્રણયકથા 'પૃથિવીવલ્લભ' અને નાટકો 'વાવાશેઠનું સ્વાતંત્ર્ય' (સામાજિક) અને 'પુરંદર પરાજય' (પૌરાણિક) પણ પ્રગટ થઈ તેમની લોકપ્રિયતામાં વધારો કરે છે. લગભગ દસ - બાર વર્ષના જ ગાળામાં જાણે મુનશીના રંગદર્શી સર્જનોની મોહીની ગુજરાતને વશ કરી લે છે.મુનશીએ સાહિત્યસંસદની સ્થાપના કરી (૧૯૨૨), અને 'વીસમી સદી' વિરમી જતાં, તેની જગા લે તેવું 'ગુજરાત' માસિક સંસદના મુખપત્રરૂપે શરૂ કર્યું.

આ કાળમાં, બારડોલીના સત્યાગ્રહ સાથે સંકળાયેલી તેમની કામગીરીથી આરંભાયેલી તેમની રાજદ્વારી પ્રવૃત્તિઓ, ગાંધીજી સાથેના, સરદાર સાથેના અને કોંગ્રેસ સાથેના તેમના ઘનિષ્ઠ સંબંધો, રાષ્ટ્રીય સ્તરના અગ્રણી નેતા ગણાવા સુધીનું તેમનું મહત્ત્વ વગેરેથી માંડીને તે, મુંબઈ રાજ્યના સચિવ તરીકેની તેમની કામગીરી, હૈદરાબાદના એજન્ટ-જનરલ, ભારતના અન્નપ્રધાન અને ઉત્તરપ્રદેશના રાજ્યપાલ તરીકે તેમણે બજાવેલી ફરજો અને છેલ્લે રાજાજી સાથે સ્વતંત્ર પક્ષની સ્થાપનામાં તેમનો ફાળો એ બધાનો ઇતિહાસ ભારતના ઇતિહાસનો જ એક ભાગ છે; તો ભારતીય વિદ્યાભવન તથા અન્ય અનેક સામાજિક—સાંસ્કૃતિક સંસ્થાઓ અને તેમની અનેકવિધ પ્રવૃત્તિઓ તેમની પ્રવૃત્તિઓનો બીજો સમૃદ્ધ પ્રવાહ છે.એ બધી વ્યવહારુ પ્રવૃત્તિઓની વચમાં પણ તેમણે સાહિત્યપ્રવૃત્તિને સતત ચાલુ રાખીને એક યા બીજા પ્રકારની કૃતિઓ આપ્યાં જ કરી છે. આ ઉપરાંત લગભગ ત્રીસેક વર્ષ પર્યન્ત ગુજરાતી સાહિત્ય પરિષદના સર્વેસર્વા બની રહી તેનું તેમણે એક હાથે કરેલું સંચાલન પણ નોંધપાત્ર છે.

નવકથાકાર

સાહિત્યસર્જક તરીકે મુનશીની પ્રખ્યાતિ પ્રધાનતઃ

નવલકથાકાર તરીકે, ને તેમાંય વિશેષરૂપે ઐતિહાસિક નવલકથાક્ષેત્રે. સમીક્ષાની સરળતા ખાતર તેમની કૃતિઓને ત્રણ ગુચ્છમાં વહેંચાય :

સામાજિક નવલકથાઓ: 'વેરની વસૂલાત' (૧૯૧૩), 'કોનો વાંક' (૧૯૧૫), 'સ્વપ્નદ્રષ્ટા' (૧૯૨૪), 'તપસ્વિની' ૧-૨-3 (૧૯૫૭, ૧૯૫૮).

ISBN-978-81-977089-8-5
First Edition

ઐતિહાસિક નવલકથાઓ: 'પાટણની પ્રભુતા' (૧૯૧૬), 'ગુજરાતનો નાથ' (૧૯૧૭), રાજાધિરાજ' (૧૯૨૨), 'જય સોમનાથ' (૧૯૪૦), 'ભગ્નપાદુકા' (૧૯૫૬), ઉપરાંત 'પૃથિવીવલ્લભ' (૧૯૨૦-૨૧) અને 'ભગવાન કૌટિલ્ય' (૧૯૨૩).

પૌરાણિક નવલકથાઓ: 'લોપામુદ્રા' ભાગ-૧ (૧૯૩૩), 'લોમહર્ષિણી' (૧૯૪૫), 'ભગવાન પરશુરામ' (૧૯૪૬), 'કૃષ્ણાવતાર ખંડ ૧થી ૮..

પૃથિવીવલ્લભ

પૃથિવીવલ્લભ' ધારા નગરીના રાજા મુંજના, અલ્પાંગ ઐતિહાસિક અને મહદંશે અનુશ્રુતિપ્રાપ્ત ચરિત્રને રજૂ કરે છે. રસિક કવિ અને વીર-વિલાસી મુંજનું, તેના હાથે અનેક વાર પરાજય પામેલા તૈલપ દ્વારા, તેના સામંત ભિલ્લમરાજની સહાયથી કેદ પકડાવું અને કેદમાંથી છૂટવાના નિષ્ફળ કાવતરાની શિક્ષા રૂપે હાથીપગે થવું એ મુખ્ય ઘટના. પણ એ ઘટનાના માળખામાં સાચે રસસંભાર તો ભરાય છે કેદી મુંજાલ અને તૈલપની કઠોર વૈરાગ્યવતી અને સત્તાધીશ બહેન મૃણાલવતીનો પ્રેમપ્રસંગ, રસનિધિ તરીકે ઓળખાતા ભોજ અને ભિલ્લમની પુત્રી અને તૈલપના પુત્ર સત્યાશ્રયની વાગ્દત્તા વિલાસની પ્રેમકથા સહાયક દોર પૂરો પાડે છે. વિસ્તારમાં નાની, પણ ઘટ્ટ અને આડકથા-ઉપકથાઓનાં જાળાંને અભાવે ઓછી સંકુલ હોઈ સીધી વેગવાન ગતિવાળી આ કથા નાટ્યાત્મક નિરૂપણનો ઉત્તમ નમૂનો છે. 'પૃથિવીવલ્લભ'નાં મુંજ અને મૃણાલ મુનશીનાં ઉત્તમ પાત્રસર્જનોમાં સ્થાન પામે તેવાં છે. મુગ્ધ પ્રણયની કરુણાન્તિકાઓ જેવાં રસનિધિ-વિલાસ ('પૃથિવી—વલ્લભ') અને કૃષ્ણદેવ-સોમ ("ગુજરાતનો નાથ')નાં કથાનકોમાં પણ વસ્તુ, પાત્રો, નિરૂપણ, ઘટનાઓ વગેરેમાં ઘણું સામ્ય વરતાશે.

ગુજરાતી નવલકથા સાહિત્યમાં કનૈયાલાલ મુનશીની ઐતિહાસિક નવલકથાઓ પોતાની વિશિષ્ટ સમૃદ્ધિને કારણે સહેજે ઉત્તમ ગણાય છે. મુનશીની એવી ઉત્તમ ગણાતી નવલકથાઓમાં પણ 'પૃથિવીવલ્લભ'નું સ્થાન અગ્રીમ અને અનોખું છે. 'પૃથિવીવલ્લભ' કેવળ વહી વીતી ચુકેલા ઈતિહાસની કથા નથી. રસભર ઉલ્લાસમય જીવનની મહિમા કથા પણ છે.રાગ અને વિરાગની બે ભિન્ન ભિન્ન જીવનદૃષ્ટિ વચ્ચેનો સૂક્ષ્મ સંઘર્ષ આ કથાના કેન્દ્રસ્થાને બિરાજે છે.

વૈરાગ્યના પાયા પર રચાયેલા કઠોર કર્તવ્યનિષ્ઠ જીવનની પક્ષકાર મૃણાલ અને મુક્ત ઉલ્લાસમય જીવનનો ઉપાસક મુંજ. આ બે પાત્રોનો સામસામે યોજીને મુનશીએ પોતાની આ કૃતિમાં જીવનને જોવા મૂલવવાનો આગવો દૃષ્ટિકોણ અસરકારક રીતે આલેખ્યો છે. જીવન એટલે આનંદ, રસ અને ઉલ્લાસ, જીવવું એટલે જીવનની ક્ષણે ક્ષણને રસપૂર્વક માણવી.

આવી એક આનંદમૂલક આગવી જીવનદૃષ્ટિ શ્રી મુનશી 'પૃથિવી વલ્લભ'ની કથા દ્વારા પ્રગટાવે છે. બસોથીય ઓછા પૃષ્ઠના નાનકડા વ્યાપમાં મુનશીએ રાગ-વિરાગની આ બે જ પરસ્પર વિરોધી જીવનદૃષ્ટિઓનોએવો તુમુલ સૂક્ષ્મ સંઘર્ષ આલેખ્યો છે.

ISBN-978-81-977089-8-5
First Edition

અવંતિનો રાજા મુંજ પોતાની વિરતા અને વિદ્વતા માટે, રસિકતા અને ઉદારતા માટે ભારત ભરમાં જાણીતા છે. પોતાના બાહુબળથી એણે મોટું સામ્રાજ્ય સ્થાપ્યું છે. અનેક રાજવીઓ પાસે પોતાનું ચક્રવર્તી પદ સ્વીકાર્યું છે. એ જેવો વીર છે તેવો રસિક છે. તે સ્વયં કાવ્યો રચે છે અને અનેક કવિઓને આશ્રય પણ આપે છે. લોકો એના રૂપ પર અને ગુણ પર, એની રસિકતા અને વીરતા પર, એની સ્વસ્થતા અને શક્તિ પર મુગ્ધ છે. અરે! કોઈ એને કામદેવનો અવતાર કહે છે તો કોઈ એને સરસ્વતીનો કૃપા પાત્ર ગણે છે.જીવન પ્રત્યે એની સદા ઉલ્લાસમય દૃષ્ટિએ લોકોને એવા મંત્ર મુગ્ધ કરી દીધા છે કે લોકોએ મુંજને ‘પૃથિવીવલ્લભ' (પૃથ્વીનો સ્વામી) એવુ માન ભર્યું બિરૂદ આપ્યું છે. લોકોએ સ્વેચ્છાએ આપેલું બિરૂદ મુંજે પણ આનંદથી સ્વીકાર્યું છે. અને પોતે સાચે જ આ પૃથ્વીનો વલ્લભ હોય એવું સાર્થક કરી બતાવ્યું છે.

મુંજની આ ઉજ્જવળ કીર્તિ તૈલંગણના રાજા તૈલપને અને ખાસ તો તૈલપની બહેન મૃણાલવતીને આંખોના કણાની જેમ ખૂંચે છે. મૃણાલવતીબાળવિધવા છે. અને વૈધવ્ય પછી પિતાને ત્યાં જ વસી છે. એણેજ પોતાના નાના ભાઈ તૈલપને ઉછેર્યો છે. તેણે એનામાં મહત્વાકાંક્ષાના બીજ રોપ્યા છે. વૈધવ્ય પછી મૃણાલ, કઠોર, અને સ્વયં અને કડક શિસ્ત તરફ વળી છે અને પોતાના જીવનમાંથી આનંદ માત્રને અંણે દેશવટો આપ્યો છે. ઉંગ તપ અને કઠોર ઈન્દ્રિય નિગ્રહ દ્વારા જ જોવાનું તેજ પ્રગટી શકે એવી માન્યતાને વશ થઈને એણે તૈલપને તથા તૈલપના પુત્રને એવા જ કઠોર, શિસ્તબદ્ધ વાતાવરણમાં ઉછર્યો છે. તૈલપના મન પર મોટી બહેન મૃણાલવતીના પ્રતાપી વ્યક્તિત્વની ઉંડી અસર પડી છે. અને તેથી એ પોતાની બહેન પ્રત્યે વ્યક્તિ અને આદરની દૃષ્ટિએ જુએ છે. તૈલપ રાજગાદીએ આવતા રાજ્યની સાચી સત્તા મૃણાલના હાથમાં આવે છે અને મૃણાલવતી જ તૈલગણની સાચી રાજ્ય વિધાત્રી બને છે અને તૈલપને દિગ્વિજયો કરવા પ્રેરે છે. પ્રજાને શિસ્તબદ્ધ અને સંયમી બની આનંદ પ્રમોદોની અને કલા વિલાશોનો ત્યાગ કરવાની ફરજ પાડે છે. મૃણાવતી તૈલપની મહત્વાકાંક્ષાની આગને સંકોર્યા કરે છે. પોતાનો ભાઈ તૈલપ મુંજ જેવું જ સામ્રાજ્ય સ્થાપે, મુંજને હરાવે અને એનું 'પૃથિવીવલ્લભ' નું પદ એની પાસેથી પડાવી લઈ પોતે 'પૃથિવી વલ્લભ' બને એવી મૃણાલની ઝંખના છે. મુંજની ચારે દિશામાં પ્રસરેલી કીર્તિ મુંજાલ જેવી મહત્વાકાંક્ષા, યશ લોલુપ સ્ત્રીને રોમેરોમ દઝાડે છે એ દેખીતું છે. આજ કારણથી મૃણાલ વારંવાર તૈલપને મુંજ સાથે યુદ્ધ કરવા પ્રેરે છે. વારંવાર એવા યુદ્ધમાં તૈલપ હારે છે, પકડાય છે અને ભરી સભામાં મુંજના પગ ધોવાના નાલેશી ભરી શરણાગતિ સ્વીકારી જીવ બચાવી છુટકારો મેળવે છે. આવા નાલેશી ભર્યા પરાજયોથી તૈલપના મનમાં પણ મુંજ પ્રત્યે પ્રચંડ કિન્નાખોરીનો અગ્નિ પેદા થાય છે. એ મુંજને હરાવવા એની પાસેથી પોતાના અપમાનોનો બદલો મેળવવા અને એમ કરી એનું ‘પૃથ્વીવલ્લભ 'પણું ઝુંટવી લેવા ઝંખે છે.

આપણી આકથા આરંભાય છે. આવી પૂર્વભૂમિકા ઉપર વારંવાર પરાજિત થયેલા તેલપે ફરી એક વાર માળવાના મુંજ સામે યુદ્ધ આદર્યું છે.એ યુદ્ધનું શું પરિણામ આવશે એવા અજંપા સાથે આ નવલકથાનું પહેલું પ્રકરણ પુરુ થાય છે.

ISBN-978-81-977089-8-5
First Edition

પ્રથમ પ્રકરણમાં સમાચાર આવે છે કે આ છેલ્લા યુદ્ધમાં તૈલપનો વિજય થયો છે. તૈલપે પોતાના વીર સેનાપતિ ભિલ્લમની મદદથી મુંજ જેવા મુંજને જીવતો પકડયો છે. મુંજ જીવતો પકડાતા એનું અપમાન કરી એને હલકો પાડવાની સારી તક મળશે એ વિચારે મૃણાલ આનંદમાં આવી જાય છે. મુંજનો ગર્વ ભાગવા કૃતનિશ્ચય બને છે. મુંજને અપમાનિત કરવાની એકેય તક પોતે ચુકી ન જાય તે માટે સજાગ્ર રીતે મુંજને ગર્વ ભ્રષ્ટ કરવાની યોજના ઘડે છે. તૈલપની વિજય સવારીમાં મુંજને નગરના સરિયામ રસ્તા ઉપર બંદીવાન હાલતમાં એ ચલાવે છે. અને એમ કેદીના વેશમાં ચાલતો જોઈ પોતાના મનને ઠારવા એ ખુદ વિજયયાત્રા જોવા અટારીમાં નીકળે છે. પ.....ણ પરાજયની વચ્ચે પણ વિજેતા જેવું જ સ્વસ્થ અને હાસ્ય જાળવી રાખતી મુંજની પૌરૂષ ભરી મૂર્તિ નજરે પડતાં જ મૃણાલનું ક્રૂર હ્દય ધબકાર ચુકી જાય છે. આવો પુરૂષ ! આવું રૂપ ! આવું હાસ્ય અને આવું પૌરૂપ ! મૃણાલ પોતે ન સમજે તેમ તેનું સંયમી તપસ્વી મન ક્ષણમાત્રામાં સહુ નગરજનોની જેમ જ મુંજના પ્રચંડ પ્રભાવશાળી વ્યક્તિત્વથી અંજાઈ જાય છે પણ સજાગ મૃણાલ મનને એ નિર્બળતાને ઉગતી જ ડામી દેવા મથે છે.

મધ્ય રાત્રીએ પોતાને છોડાવી જવા આવેલા ભોજને મુંજ કહે છે. મૃણાલે મને મળવાનો વાયદો કર્યો છે. પ્રાણ જાય તો ભલે પણ અભિસારિકાને આપેલો વાયદો ન તૂટે . આજે હું અહીંથી નીકળી શકીશ નહી. બને તો આવતી કાલે આવજો અને મૃણાલવતીને મારી સાથે લઈ જવાની તૈયારી સાથે આવજો.

આથી સ્વાર્થી અને ગણતરીબાજ મૃણાલે મુંજને કેદમાંથી નાસી જતા રોકવા ઉપાય કર્યો. એણે તૈલપના પુત્ર યુવરાજ સત્યાશ્રયને બોલાવી કાવતરાની બધી માહિતી એણે આપી દીધી અને મુંજને નાસતો રોકવાની જવાબદારી આપી. આથી બીજી રાત્રિએ ભોજ જ્યારે ગુપ્ત માર્ગે મુંજને છોડાવવા ભોંયરામાં આવ્યો ત્યારે સત્યાશ્રયે છાપો મારી એ પ્રયત્નને નિષ્ફળ બનાવ્યો. મુંજ પકડાઈ ગયો. ભોજ નાસી છૂટ્યો અને નાસતા-નાસતા સત્યાશ્રયની વાગદત્તા અને સેનાપતિ ભિલ્લમની પુત્રી વિલાસને પોતાની સાથે ઉચકી ગયો. સત્યાશ્રય ભોજની પાછળ પડયો અંધારા ભોયરામાં બન્ને વચ્ચે જીવલેણ યુદ્ધ થયું ભોજ સત્યાશ્રયને પરાજિત કરી ઉદારતાથી જીવતો જવા દીધો. પોતાના જેવા પાટવી રાજપુત્રીની ભાવી પત્ની શત્રુ સાથે ભાગી નીકળે એ વિચારે ધુઆ-પુઆ થયેલા સત્યાશ્રયે પાછા ફરતી વખતે બેભાન વિલાસનું માથુ દગા ફટકાથી કાપી લીધું અને એ લોહી નીકળતા મસ્તક સાથે પાછો ફર્યો. પોતાની પુત્રીનો આવો કારમો વધ રાજપુત્રના હાથે થયેલો જોઈ છંછેડાયેલી સિંહણ જેવી ઉંગ બનેલી ભિલ્લમની પત્ની લક્ષ્મી ક્રોધમાં આવી તૈલપ વગેરેની હાજરીમાં મૃણાલની મુંજ સાથેની ગુપ પ્રેમલીલાનો ભાંડો ફોડી દીધો. તૈલપ સહિત સૌના માથે જાણે કે વીજળી પડી. મૃણાલ ઘડી ભર સ્તબ્ધ થઈ ગઈ.મૃણાલે હિંમતભેર એ આક્ષેપમાં રહેલું સત્ય સ્વીકારી લીધું.

પોતાની મા જણી બહેનની પ્રતાપી અને તેજસ્વી તૈલંગણની રાજવિદ્યાત્રીની આવી અકલ્પ વર્તણુંકથી આગ- આગ થઈ ઉઠેલા તૈલપે મુંજને આઠ-આઠ દિવસ સુધી નગરમાં ભિક્ષા માગવાની અને ત્યાર બાદ હાથીના પગે કચડી નાખવાની શિક્ષા ફટકારી.મૃણાલ લાચાર બની પોતાના જ હાથે પોતાના

જ પ્રિયતમના બનેલા મૃત્યુ દંડનો ભૈરવનાદ સાંભળી રહી. મુંજ તો સદા જેવો મસ્ત સ્વસ્થ અને નિર્ભય જ રહ્યો.

એક મુખ્ય વાર્તા પ્રવાહ અને બે ગૌણ વાર્તા પ્રવાહોની વચ્ચે ઓતપ્રોત થઈને વહેતી આ કથામાં મૃણાલ, મુંજ અને તૈલપનું એક પાત્ર જૂથ છે. વિલાસી રસનિધિ અને સત્યાશ્રય એ બીજુ પાત્ર જૂથ છે. લક્ષ્મી, ભિલ્લમ અને જકલાદેવી એ ત્રીજુ પાત્ર જૂથ છે.

મુંજ સૌથી આકર્ષક પાત્ર છે. એ મહા પ્રતાપી છે. એનું ગૌરવ અભંગ છે. આવું અપૂર્વ પાત્ર મળવું દુર્લભ છે. શુરવીર, સ્નેહાળ, સુંદર, પ્રજાપ્રેમી અને જીવન ઉલ્લાસી છે.

મુનશીની ગદ્યશૈલીમાં પ્રસંગાનુરૂપ વૈવિધ્ય જોવા મળે છે. વિરરસના આલેખન વખતે તેમની શૈલી ધારદાર અને ઓજસપૂર્ણ બની રહે છે.. આ કથાનું સૌથી આકર્ષક તત્વ એ એની ગદ્ય શૈલી છે. મુનશીનું વેગવંતુ ગદ્ય, મર્માળા કટાક્ષ તેમના પાત્રમાં હ્રદયસ્પર્શી ઉદ્ગારો, તિક્ષ્ણ સંવાદો, ભાવવાહી વર્ણનોએ નવલકથાને મોહિની રૂપ આપ્યું છે કથા પ્રવાહની ગદ્યશૈલીના આગવા ગુણો છે.

'પૃથિવીવલ્લભ' નવલકથામાં પણ આ સંઘર્ષ માનવ માનવના વિવિધ ઝોલા રૂપે નિરૂપાયો છે. સંસાર સાગરમાં બાથોડિયા મારતાં માનવીઓ કદિક અથડાતા કુટાતા પડતા બાથોડિયા ભરતા ઉભા થતા પોતાના મનોલોકમાં વિહરતા હોય છે. ક્યારેક આદર્શો સેવતા નીતિ-અનીતિ, રાગ-ત્યાગ, પાપ- પુણ્ય વચ્ચે ઝોલા ખાય છે. વિલાસ-મૃણાલ, લક્ષ્મીદેવી, ભિલ્લમ, સત્યાશ્રય આવા જોલા અનેક વાર અનુભવે છે.

પૃથિવીવલ્લભ' શીર્ષક આમ સર્વ રીતે યોગ્ય છે. એની ચિર વિદાયથી નગરજનોની આંખ આંસુભીની બને છે. મૃણાલને કારી ઘા વાગે છે.બસોથીય ઓછા પૃષ્ઠોના નાનકડા વ્યાપમાં આમ મુનશીએ સર્જનની વિપુલતા દાખવી છે.

ગુજરાતના આગવાપણા માટે 'અસ્મિતા' જેવો શબ્દ પ્રયોજનાર કનૈયાલાલ મુનશી વિખ્યાત સાહિત્યકાર હોવાની સાથોસાથ રાજદ્વારી પુરુષ પણ હતા. ઇતિહાસની પૃષ્ઠભૂમિનો આધાર લઈને તેમણે અનેક નવલકથાઓ લખી છે, જેનો બહોળો ચાહકવર્ગ છે. તેમની ઘણી નવલકથાઓનું રૂપાંતર ફિલ્મના પડદે કરવામાં આવ્યું છે. અલબત્ત, તેમની સૌથી લોકપ્રિય નવલકથા 'પૃથ્વીવલ્લભ'ને ગણવામાં આવે છે. આમ છતાં, પ્રત્યેક વાચકની અંગત પસંદગી રહેવાની.

'પૃથ્વીવલ્લભ'માં મુંજ અને મૃણાલવતીનાં પાત્રો મુખ્ય છે. એક તરફ પૌરુષત્વથી ભર્યોભર્યો, જીવનરસથી છલોછલ, શૃંગારરસમાં રત રહેનાર, તૈલપની કેદમાં રહેવા છતાં એક એક પળને માણનાર શૂરવીર નાયક મુંજ છે. બીજી તરફ તૈલપની વિધવા મોટી બહેન મૃણાલવતી છે, જેણે વૈરાગ્યને અપનાવેલો છે. મુંજ પ્રત્યે મૃણાલવતીને જન્મતું પ્રબળ આકર્ષણ, એ આકર્ષણને ખાળવાના મૃણાલવતીના પ્રયત્નોનું આલેખન રસપ્રદ રીતે કરવામાં આવ્યું છે. બન્ને વિરોધાભાસી પાત્રોને લીધે લોકહૃદયમાં 'પૃથ્વીવલ્લભે' એવું સ્થાન જમાવી દીધું છે કે ઊત્તરોત્તર તેની ખ્યાતિ વધતી ચાલી છે. છેક 2018માં પણ આ કથા પરથી ટી.વી. ધારાવાહિકનું નિર્માણ અને પ્રસારણ થાય છે એ તેનો પુરાવો છે. આ અગાઉ તેના પરથી 'માલવપતિ

મુંજ’ નામે નાટક તેમજ ગુજરાતીમાં ફિલ્મ અને ‘પૃથ્વીવલ્લભ’ના નામે હિન્દીમાં ફિલ્મનું નિર્માણ થઈ ચૂક્યું છે. આ નવલકથા હિન્દી, મરાઠી, બંગાળી, કન્નડ તેમજ અંગ્રેજીમાં પણ અનુવાદિત થઈ છે.

મુંજનું પાત્ર એટલું આકર્ષક બની રહ્યું છે કે તેને તખ્તા પર કે ફિલ્મના પડદે રજૂ કરનાર અભિનેતાઓની તે ઓળખ સમાન બની રહ્યું છે. તખ્તા પર માસ્ટર અશરફખાન, ગુજરાતી ફિલ્મમાં ઊપેન્દ્ર ત્રિવેદી તેમજ હિન્દી ફિલ્મમાં સોહરાબ મોદીએ ‘પૃથ્વીવલ્લભ’ની ભૂમિકા એટલી બખૂબી ભજવી છે કે તેમની અભિનયકારકિર્દીમાં આ કૃતિ ટોચનું સ્થાન ધરાવે છે.

પોતાના જીવનનો અંત નિશ્ચિત હોવા છતાં ક્ષણેક્ષણ જીવી લેવાના મુંજના અભિગમને લઈને તેના પરત્વે જાગતું આકર્ષણ મૃણાલવતી ખાળી શકતી નથી. કેદ પકડાયેલા મુંજને હાથીના પગ નીચે કચડવાની સજા ફટકારવામાં આવે છે, ત્યારે જરાય ડર્યા વિના મુંજ કહે છે, ‘લક્ષ્મી તો ગોવિંદને ત્યાં જશે, કીર્તિ વીરોને ત્યાં જશે, પણ યશના પુંજરૂપ મુંજરાજ મરતાં બિચારી સરસ્વતી નિરાધાર થઈ રહેશે.’ મુંજની આવી નિર્ભિકતા જ કદાચ તેની લોકપ્રિયતાનું કારણ બની રહી હશે.

આ પુસ્તક બાબતે વધુ એક નોંધપાત્ર બાબત એ છે કે કાકાસાહેબ કાલેલકરના કહેવાથી ગાંધીજીએ આ નવલકથા વાંચી હતી. તેમને તે પસંદ પડી ન હતી, અને એ બાબતે તેમણે મુનશીને પત્ર લખ્યો હતો. આ પત્રનો જવાબ મુનશીએ પાઠવ્યો હતો. પુસ્તકની અગિયારમી આવૃત્તિથી આ બન્ને પત્રો તેના પરિશિષ્ટમાં સમાવાયા છે, જે આ બન્ને મહાનુભાવોની સ્પષ્ટ દૃષ્ટિ, વૈચારિક દૃઢતાનો તેમજ હાસ્યવૃત્તિનો પણ ખ્યાલ આપે છે.

ISBN-978-81-977089-8-5
First Edition

સંદર્ભગ્રંથો

૧. ઇન્ડિયન પોસ્ટ - કન્હૈયાલાલ એમ મુંશી". indianpost.com. indianpost.com. મૂળમાંથી 1 એપ્રિલ 2023 પર સંગ્રહિત. 16 ઑક્ટોબર, 2018 લાભો.

૨. અહીં સુધી જાઓ:૨.૦ ૨.૧ ૨.૨ ૨.૩ ૨.૪ ૨.૫ ૨.૬ મહેતા, ક્રમેન્દ્ર; શુકલ, જયકુમાર; ઉજવણી, રક્ષા (ઓગસ્ટ 2002). ગુજરાતી વિશ્વકોશ. ૧૬. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ. પૃષ્ઠ ૨૩૬-૨૩૮.

૩. ભગવાન, મનુ (2008). "ધ હિંદુત્વ અંડરગ્રાઉન્ડઃ હિંદુ રાષ્ટ્રવાદ અને ઈન્ડિના નેશનલ કોંગ્રેસ ઇન લેટ કોલોનિયલ એન્ડ અર્લી પોસ્ટ-કોલોનિયલ ઈન્ડિયા". ઇકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી. 43 (37): 39–48. JSTOR 40277950.

૪. "કુલપતિ મુનશી એવોર્ડ એનાયત". હિન્દુ. ૧૨ માર્ચ ૨૦૧૩. મેળવેલ ૧ માર્ચ ૨૦૧૪.

૫. ક.માં મુનશીનું ઐતીહાસિક સહિત્ય – ડો નટવરસિહ ઠાકોર, આવૃત્તિ -૨૦૦૭, નટવરસિહ ઠાકોર પ્રકાશક

૬. અર્વાચીન સાહિત્યનો ઈતિહાસ, ડો.રમેશ ત્રિવેદી –આદર્શ પ્રકાશન,આવૃત્તિ ૧૯૯૩-૯૪

૭. પૃથિવીવલ્લભ –ક.માં .મુનશી

૮. પૃથિવીવલ્લભ- પૃથ્ક્કારી પ્રવિધિઓ થી પૃથ્વીનો ભૂસ્તરીય ઈતિહાસ